અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ જુલાઈ ૨૦૨૩, રવિવાર
વિક્રમ સંવત ૨૦૭૯, અષાઢ સુદ ચૌદસ

વર્ષ : ૧૪
અંક : ૩૨૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



## ૬ તાલુકામાં ૮ ઈંચથી વધુ વરસાદ

। અમદાવાદ, તા.૧ ।

ગુજરાતમાં સત્તાવાર ચોમાસાની શરૂઆત થઈ ચુકી છે. ત્યારે રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદના પરિણામે નાગરીકો ખાસ કરીને ખેડૂતો ખુશખુશાલ થઈ ગયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૨૭ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં સૌથી વધુ ૧૬ ઇંચ એટલેકે ૩૯૮ મિ.મી. વરસાદ નોંધાયો છે. રાજ્યના ૬ તાલુકાઓમાં ૮ ઈંચથી વધુ વરસાદ તથા રાજ્યના અન્ય ૧૩ તાલુકાઓમાં ૬ ઈંચથી વધુ વરસાદ સહિત રાજ્યના અન્ય ૧૮૭ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૨૭.૭૨ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૮૭.૩૩ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૪૧.૧૮ ટકા, ઉત્તર ગુજરાત ઝોનમાં ૨૭.૬૫ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૨૦.૮૧ ટકા, પૂર્વ ગુજરાત ઝોનમાં ૧૬.૫૯ ટકા મોસમનો કુલ સરેરાશ નોંધાયો હોવાના અહેવાલ છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૧ જુલાઈ ૨૦૨૩ના રોજ સવારે ૬.૦૦ કલાક પુરા થતાં ૨૪ કલાક દરમિયાન જામનગર તાલુકામાં ૨૬૯ મિ.મી., કપરાડામાં ૨૪૭ મિ.મી., અંજારમાં ૨૩૯ મિ.મી., ખેરગામમાં ૨૨૨ મિ.મી., ભેંસાણમાં ૨૦૪ મિ.મી મળી કુલ ૬ તાલુકાઓમાં ૮ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે બગસરામાં ૧૯૭ મિ.મી., બેચરાજીમાં ૧૭૨ મિ.મી., ધરમપુરમાં ૧૭૦ મિ.મી., રાજુલામાં ૧૬૭ મિ.મી., ચીખલીમાં ૧૫૮ મિ.મી., ડાંગ (આહ્વા)માં ૧૫૫ મિ.મી., વઘઈમાં ૧૫૪ મિ.મી. એમ કુલ ૧૩ તાલુકાઓમાં ૬ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત જુનાગઢ તાલુકા અને જુનાગઢ શહેરમાં ૧૪૮ મિ.મી., વલસાડમાં ૧૪૧ મિ.મી., વંથલી અને વાંસદામાં ૧૪૦ મિ.મી., જામકંડોરણામાં ૧૩૬ મિ.મી., બરવાડામાં ૧૩૫ મિ.મી., બારડોલીમાં ૧૩૨ મિ.મી., વાપી અને ગણદેવીમાં ૧૨૫ મિ.મી., અમરેલી, જેતપુર અને વ્યારામાં ૧૨૩ મિ.મી., ગાંધીધામમાં ૧૧૬ મિ.મી., વાડિયામાં ૧૧૫ મિ.મી., મેંદરડા અને ખાંભામાં ૧૧૧ મિ.મી., ગીર ગઢડામાં ૧૧૦ મિ.મી.,લિલીયા અને મહુવામાં ૧૦૭ મિ.મી., ધંધુકામાં ૧૦૬ મિ.મી., સુબીરમાં ૧૦૪ મિ.મી., જલાલપોરમાં ૧૦૧ મિ.મી. એમ કુલ ૩૬ તાલુકાઓમાં ૪ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. પારડી અને ડોલવણમાં ૯૯ મિ.મી., ધ્રોલ અને નવસારીમાં ૯૫ મિ.મી., જોડીયા અને પ્રાંતિજમાં ૯૧ મિ.મી., ઉમરપાડા ૯૦ મિ.મી., વાલોદમાં ૮૮ મિ.મીથી વધુ વરસાદ નોંધાયો છે. ૭૫ તાલુકાઓમાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. તેમજ રાજ્યના અન્ય કુલ ૧૧૮ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયા હોવાના અહેવાલ છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૧ જુલાઈ ૨૦૨૩ના રોજ સવારે ૬.૦૦ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૧૨૮ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે.

ભારે વરસાદ બાદ ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા

## અમદાવાદમાં રેકોર્ડ બ્રેક ચાર એમએમ વરસાદ ખાબક્યો



ગુજરાતમાં ચોમાસાની સિઝન જામી છે. રાજ્યમાં ઠેર ઠેર વરસાદે ધબધબાટી બોલાવી છે. હજુ પણ ભારે વરસાદ પડવાની સંભાવના છે. ત્યારે શુક્રવારે સાંજે પુરા થતા ચોવીસ કલાકમાં ઓછામાં ઓછા ૧૨ લોકોનાં મોત નીપજ્યા છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણમાં વરસાદે તોફાની બેટિંગ કરી છે. અહીં ઠેર ઠેર વિસ્તારોમાં પાણાી ભરેલું નજરે પડી રહ્યું છે. કેટલાંક લોકોનાં ઘરોમાં પણ વરસાદી પાણી ઘુસી ગયું હતું અને એના કારણે લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અમદાવાદમાં સાંજે સાતથી રાતના દસ વાગ્યા સુધી ૫૮ એમએમ વરસાદ નોંધાયો હતો. તો સાંજે છથી સાત વાગ્યા સુધી અમદાવાદમાં રેકોર્ડ બ્રેક ચાર એમએમ વરસાદ ખાબક્યો હતો. જે બાદ અમદાવાદમાં કુલ ૬૬ એમએમ વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદ બાદ ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. કેટલાંક રસ્તાઓ પર પાણી ફરી વળતા ભારે ટ્રાફિક જામ થયો હતો. જોધપુર, બોપલ, બોડકદેવ અને સાયન્સ સિટી વિસ્તારમાં રેકોર્ડ બ્રેક ૧૦૦ એમ વરસાદ પડ્યો હતો. બીજી તરફ, જામનગરમાં વરસાદે ધબધબાટી બોલાવી હતી. જામનગરમાં તળાવ પણ ઉભરાયુ હતુ. ૨૨૧ એમએમ વરસાદ બાદ ચાર લોકોનાં મોત નીપજ્યા હતા.

બસમાં સવાર ૩૨ મુસાફરોમાંથી ૨૬ લોકોના મોત થયા હતા

## ખાનગી બસમાં ભીષણ આગ લાગતા ૨૬ મુસાફરો બળીને ભડથું

### આ દુર્ઘટનામાં ૧ મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી, મુંબઈ-ગોવા હાઈવે પર તો અકસ્માતની ઘટના બનતી રહે છે

। બુલઢાણા, તા.૧ ।

મહારાષ્ટ્રના બુલઢાણામાં ચાલુ બસમાં આગ લાગવાથી ૨૫ લોકો બળીને ભડથું થઈ ગયા હતા. આ ભીષણ દુર્ઘટના સમૃદ્ધિ મહામાર્ગ એક્સપ્રેસવે પર બની હતી. કહેવામાં આવી રહ્યું છે કે, બસમાં આશરે ૩૨ લોકો સવાર હતા. બસમાં અચાનક આગ લાગી હોવાથી લોકોને નીકળવાની તક મળી નહોતી. આ ઘટનામાં ૨૬ લોકોના મોત થયા હોવાની ખબર છે, જ્યાં અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હોવાથી તેમને તરત જ બુલઢાણા સિવિલ હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યા હતા. જાણકારી પ્રમાણે, બસ મહારાષ્ટ્રના યવતમાલથી પુણે જઈ રહી હતી. ઘટના શનિવારે વહેલી સવારે આશરે ૨.૩૦ કલાકે બની હતી. બુલઢાણા પોલીસે ડેપ્યુટી એસપી બાબુરાવ મહામુનિએ કહ્યું હતું કે, બસમાંથી ૨૬ મૃતદેહને નીકાળવામાં આવ્યા છે. બસમાં કુલ ૩૨ મુસાફરો સવાર હતા. ૬-૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે. તેમને બુલઢાણા સિવિલ હોસ્પિટલમાં રેફર કરાયા છે. બુલઢાણાના એસપી સુનીલ કડાસેને કહ્યું હતું કે 'બસમાં કુલ ૩૨ લોકો સવાર હતા, જેમાંથી ૨૫ લોકોના મોત થયા છે, જ્યારે બાકીના ઘાયલ થયા છે. બસના ડ્રાઈવરનો આબાદ બચાવ થયો છે. ટાયર ફાટ્યા બાદ બસે પલટી મારી હતી અને તેનાથી આગ લાગી હતી. મળી રહેલી માહિતી પ્રમાણે, નાગપુર જઈ રહેલી ખાનગી બસ પહેલા એક થાંભલા સાથે અથડાઈ હતી અને બાદમાં પિપળખુટા ગામ પાસે ડિવાઈડર સાથે અથડાઈ હતી. બસ ઊંધી વળી ગઈ હતી અને આગ લાગી હતી.

ડાયરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઇન્ટેલિજન્સનો સપાટો

## મુંબઈ એરપોર્ટ પરથી હેરોઈન લાવતો આફ્રિકન તસ્કર પકડાયો

। મુંબઇ, તા.૧ ।

ડાયરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઇ)એ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી પાંચ કરોડની કિંમતની હેરોઈનની કેપ્સૂલ પેટમાં છુપાવીને લાવેલ એક આફ્રિકન (બેનીનનો નાગરિક) તસ્કરની ધરપકડ કરી હતી. આ વ્યક્તિને ત્યાર બાદ જેજે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેના પેટમાંથી હેરોઈન ભરેલી ૪૩ કેપ્સૂલ બહાર કાઢવામાં આવી હતી. તેવું ડીઆરઆઇના સૂત્રોએ જણાવ્યું હતું. આ સંદર્ભે પ્રાપ્ત વધુ વિગતાનુસાર મૂળ આફ્રિકન દેશ બેનીનો આ તસ્કર છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ૨૧ જૂનના વિમાનમાંથી ઉતર્યો કે તરત જ ડીઆરઆઇના અધિકારીઓએ પહેલેથી મળેલ અમુક ગુપ્ત માહિતીને આધારે તેને તાબામાં લીધો હતો. આ વ્યક્તિએ ડ્રગ્સની કેપ્સૂલ પેટમાં છુપાવી હોવાની શંકાને આધારે તેને પ્રથમ એનડીપીએસ કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો.




મુખ્ય ન્યાયાધીશ હાલ જમ્મુ-કાશ્મીરના પ્રવાસ પર છે

## કોર્ટ ઘણું કામ કરે છે પણ તેની હેડલાઈન બનતી નથી : ચંદ્રચૂડ

। શ્રીનગર, તા.૧ ।

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ હાલ જમ્મુ અને કાશ્મીરના પ્રવાસ પર છે આ દરમિયાન તેમણે શ્રીનગરમાં સંબોધન કર્યું હતું જેમા તેમણે ન્યાયિક પ્રણાલીની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે અમારા નિર્ણયો પર વારંવાર ચર્ચા કરવામાં આવે છે પરંતુ આ સિવાય કોર્ટ પણ ઘણું કામ કરે છે જે હેડલાઈન બનતી નથી. મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડે કહ્યુ હતું કે નિર્ણયો સિવાય કોર્ટ પણ એવું ઘણું કાર્ય કરે છે જેના વિશે લોકોને જાણવાની જરુર છે. જ્યારે પણ સમય હતો કે અદાલતે પોતાનું માર્કેટિંગ કરવું જોઈતું હતું ત્યારે તેણે એવું ન કર્યું કારણ કે તેને લાગ્યું કે ન્યાયતંત્રને માર્કેટિંગની જરૂર નથી.

આ કિસ્સામાં અમે નબળા કોમ્યુનિકેટર્સ રહ્યા છીએ. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે શ્રીનગરમાં ૧૯મી લીગલ સર્વિસ ઓથોરિટીની બેઠકમાં ઉદ્‌ઘાટનમાં સંબોધન કર્યું હતું. મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે ન્યાયતંત્ર બે બાબતો માટે જાણીતું છે પ્રથમ તે કેસ જેમાં તેણે નિર્ણયો આપ્યા છે અને બીજું તે કેસ જેમાં તેણે નિર્ણયો આપ્યા નથી. તેમણે પોતાના સંબોધનમાં વધુમાં કહ્યુ હતું કે ન્યાયતંત્રમાં વિલંબથી પણ ન્યાયતંત્રને જાણી શકાય છે. લોકો અમારા નિર્ણયો વિશે જાણતા રહે છે જેમાં અમે નિર્ણયો આપતા રહીએ છીએ પરંતુ લોકોને ન્યાયતંત્રની અગાઉની ઓફિસોમાં કરવામાં આવેલા કામ વિશે બહુ ઓછી જાણકારી છે તેમ તેમણે કહ્યું હતું.








## વાસણા બેરેજના સાત દરવાજા ત્રણ ફૂટ ખોલાયા

# અમદાવાદમાં સાબરમતી નદીના જળસ્તર વધ્યા

### ઉપરવાસ અને અમદાવાદમાં પાણીની આવક વધવાને કારણે વાસણા બેરેજના સાત દરવાજા ખોલવામાં આવ્યા છે

| અમદાવાદ, તા.૧ |

રાજ્યમાં મેઘરાજાની સવારીએ માઝા મૂકી છે. ત્યારે શુક્રવારે પણ અમદાવાદમાં ભારે વરસાદ વરસ્યો હતો. શનિવારે સવારથી જ શહેરમાં વરસાદ વરસી રહ્યો છે. શહેરના જોધપુર વિસ્તારમાં સાંજે છથી આઠ કલાકમાં છ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત શનિવારે સવારે ચાર વાગ્યા સુધીના ૨૨ કલાકમાં ૬૭ એમએમ વરસાદ નોંધાયો છે. ઉપરવાસ અને અમદાવાદમાં પાણીની આવક વધવાને કારણે વાસણા બેરેજના સાત દરવાજા ખોલવામાં આવ્યા છે. તમામ સાત દરવાજા ત્રણ ફૂટ સુધી ખોલી દેવામાં આવ્યા છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, સાબરમતી નદીમાં પાણીની આવતા વાસણા બેરેજના તમામ દરવાજા ખોલવામાં આવ્યા છે. અમદાવાદમાં ધોધમાર વરસાદથી સાબરમતીના જળસ્તર વધ્યા છે જેના કારણે વાસણા બેરેજના તમામ દરવાજા ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વાસણા બેરેજના તમામ સાત દરવાજા ત્રણ ફૂટ સુધી ખોલવામાં આવ્યા છે. હાલ નદીનું જળસ્તર ૧૩૧ ફૂટ નજીક પહોચ્યું છે. સાબરમતી નદીમાં જળ સ્તર વધવાને કારણે ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૮, ૨૯ અને ૩૦ નંબરના ગેટ ખોલવામાં આવ્યા છે. જેથી પાણીની આવક આગળ જઈ શકે. શનિવારે સોમવારે શહેરમાં ૨૨ કલાકમાં ૬૭ એમએમ વરસાદ નોંધાયો છે. જેના કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. શુક્રવારે અમદાવાદમાં દિવસ દરમિયાન તાપ રહયો હતો. જોકે, સાંજના સમયે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. શહેરમાં શુક્રવારે સાંજે ૬થી ૮ના બે કલાકના સમયમાં જોધપુરમાં પોણા છ, બોપલમાં ચાર તથા બોડકદેવ વોર્ડમાં સાડા ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો હતો. હવામાન વિભાગે આજે રાજ્યના કેટલાક ભાગોમાં ભારે વરસાદની શક્યત ાઓ વ્યક્ત કરી છે. જેમાં ગાંધીનગર, ખેડા, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી છે. આગામી ચાર દિવસ સુધી રાજ્યમાં વરસાદ રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.



# ૨૨ કલાકમાં રાજ્યના ૧૮૯ તાલુકામાં વરસાદ

રાજ્યમાં મેઘરાજાએ ધરબડાટી બોલાવી દીધી છે. છેલ્લા ૨૨ કલાકમાં કુલ ૧૮૯ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. ત્યારે જુનાગઢના વિસાવદર તાલુકામાં ૧૫ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. જ્યારે જામનગર તાલુકામાં ૧૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. કચ્છના અંજાર તાલુકામાં ૧૦ ઈંચ વરસાદ પડ્યો હતો. આ ધોધમાર વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જ્યારે રાજ્યનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પ ટેલે પણ શુક્રવારે મોડી રાતે સ્ટેટ ઈમરજન્સી ઓપ રેશન સેન્ટરની મુલાકાત લીધી હતી. મોડી રાત્રે અહીં યોજાયેલી બેઠકમાં મુખ્ય સચિવ રાજકુમાર, રાહત કમિશનર આલોક પાંડે પણ ઉપસ્થિત રહ્યા હતા. હવામાન વિભાગ પાસેથી મળેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૨ કલાક એટલે શુક્રવારની સવારે ૬ વાગ્યાથી આજે સવારે ૪ વાગ્યા સુધીમાં ૧૮૯ તાલુકામાં ધોધમાર વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ જુનાગઢના વિસાવદર તાલુકામાં ૧૪.૯૨ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે જામનગર તાલુકામાં ૧૦.૭૬ ઈંચ વરસાદ નોંધાયો છે. આ સાથે કચ્છના અંજાર અને વલસાડના કપરાડાના તાલુકામાં૯ ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગના આંકડા પ્રમાણે, જુનાગઢના ભેસાણ અને અમરેલીના બગસરામાં ૭ ઈંચથી વધારે વરસાદ ખાબક્યો છે. આ સાથે વલસાડના ધરમપુર, વઘઈ અને ડાંગ-આહવામાં ૬ ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. મળતા આંકડા પ્રમાણે, તાપીના વ્યારા, જુનાગઢના શહેરમાં, વલસાડ, વંથલી, રાજુલા, બરવાળા, જામકંડોરણા, વાસંદા, ચીખલીમાં ૪ ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે.







ગુજરાતમાં જૂન મહીનાનાં અંતિમ દિવસે ધોધમાર વરસાદ પડ્યો હતો. હજુ જુલાઈ મહિનામાં પણ આ વરસાદ ચાલુ જ રહેશે એવી શક્યતા છે. હવામાન વિભાગે વરસાદને લઈને મોટું અપડેટ આપ્યું છે. નવા અપડેટ પ્રમાણે કચ્છ, દ્વારકા, જામનગર અને જૂનાગઢમાં સવાર સુધી વરસાદનું રેડ એલર્ટ છે. ઉપરાંત ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં સામાન્ય વરસાદની સંભાવનાં વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, કચ્છ, દ્વારકા, જામનગર અને જૂનાગઢમાં ૮-૮ ઈંચ કરતા પણ વધુ વરસાદ ખાબકી શકે છે. જ્યારે ૯ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ છે. જ્યાં ૪થી લઈને ૮ ઈંચથી સંભાવના છે. પોરબંદર, ગીર સોમનાથ, આણંદ, વડોદરા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડમાં ૮ ઈંચ સુધી વરસાદ ખાબકી શકે છે.

## ઓજત નદી બે કાંઠે વહેતી થતાં અનેક ગામડાઓમાં ભરાયા ત્રણ ફૂટ પાણી

સૌરાષ્ટ્રમાં બારે મેઘ ખાંગા થયા હોય તેમ ભારે વરસાદ થતા ઠેરઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જુનાગઢમાં સાંબેલાધાર વરસાદથી સ્થિતિ વણસી છે. ઘેડ વિસ્તારમાં આવેલા મતીયાણા ગામમાં ચારે કોર પાણી જ પાણી છે. ઘેડ પંથકના ગામડાઓ અને સીમમાં જ્યાં જુઓ ત્યાં પાણી જ પ ાણી છે. ગામની અંદર પણ અઢીથી ત્રણ ફૂટ સુધી પાણી ભરેલું જોવા મળ્યું છે. ઘેડ વિસ્તારના અનેક ગામડાઓની આ પરિસ્થિતિ છે. જુનાગઢ જિલ્લામાં ભારે વરસાદને લઈને ઓજત નદી બે કાંઠે વહેતી થઈ છે, જેનું સીધું પાણી ઘેડ પંથકમાં પહોંચ્યું છે. ઘેડ પંથકના અનેક ગામડાઓમાં ભારે વરસાદને લઈને જમીનોનું પણ ધોવાણ થયું છે. આ પંથકમાં વરસાદથી ગામડાઓને જોડતા માર્ગો જાણે નદી બનીને વહેવા લાગ્યા હતા. વંથલી,મેંદરડા પંથકમાં આઠ-આઠ ઈંચ વરસાદથી ખેતરોમાં પાણી ભરાયા હતા. સૌરાષ્ટ્રમાં ખાસ કરીને જામનગર, જુનાગઢ, રાજકોટ, સોમનાથ જિલ્લામાં મેઘરાજાના રૌદ્રરૂપ ના દર્શન થયા હતા અને ચોતરફ ખેતરો અને ગામોમાં પાણી ભરાયા હતા.

## વરસાદના લીધે ચાંગોદરમાં દુકાનોમાં ફરી વળ્યા પાણી

અમદાવાદમાં શુક્રવારે રાત્રે થયેલા ભારે વરસાદની અસર સવારે પણ જોવા મળી રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં થયેલા વરસાદમાં પૂર્વ વિસ્તારમાં કેટલાક વિસ્તારો સવારે પણ જળબંબાકાર રહ્યા હતા. આવામાં ચાંગોદર વિસ્તારમાં લોકોના ઘરોમાં તથા દુકાનોમાં વરસાદના પાણી ફરી વળ્યા હતા. ચાંગોદરામાં સવારના સમયે પણ ઘૂંટણસમા પાણી ભરાયેલા હતા. અમદાવાદમાં આજે સવારે ૬ વાગ્યા સુધીમાં ૨૪ કલાકના ગાળામાં ૪-૬ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. અમદાવાદ જિલ્લામાં આવતા વિસ્તારોમાં પણ વરસાદ બાદ કપરી પરિસ્થિતિ ઉભી થઈ હતી. ચાંગોદરમાં ભારે વરસાદ બાદ લોકોએ કપરી પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. લોકો જ્યારે સવારે દુકાનો પર પહોંચ્યા ત્યારે તેમને આંચકો લાગ્યો હતો, કારણ કે રસ્તા પર ઘૂંટણ ડૂબે એટલા પાણી ભરાયા હતા ત્યારે દુકાનોની અંદર પણ પાણી ભરાઈ ગયા હતા. આવામાં લોકોએ થઈ શકે તેટલો દુકાનોનો સામાન સુરક્ષિત કરીને પાણી બહાર કાઢવાના પ્રયાસો શરુ કર્યા હતા. વરસાદ ગયા બાદ પાણી ઓસરી રહ્યા છે પરંતુ શહેરના ઘણાં ભાગોમાં હજુ પણ ઠેરઠેર રસ્તાઓ પર વરસાદી પાણી જોવા મળી રહ્યું છે. શહેર વિસ્તારમાં રાત્રે પાણી ભરાતા ઘણાં ભાગોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. અમારા સંવાદદાતા વિભૂ પટેલ ચાંગોદર વિસ્તારમાં પહોંચ્યા ત્યારે તેમણે અહીંનો ચિતાર જણાવ્યો હતો. ચાંગોદર વિસ્તારમાં ભારે વરસાદ બાદ દુકાનદારો સવારે દુકાન ખોલવી કે નહીં તેની અસમંજસમાં હતા પરંતુ જ્યારે તેઓ સ્થળ પર પહોંચ્યા ત્યારે તેમણે કપરી પરિસ્થિતિના દર્શન કર્યા હતા. ઘણી દુકાનોમાં વરસાદના પાણી ઘૂસી ગયા છે. ચાંગોદરામાં કેટલીક સોસાયટીઓમાં પણ પાણી ફરી વળવાની ઘટના બની છે. દુકાનોની સાથે નીચાણવાળા વિસ્તારોમાં આવેલા ઘરો સુધી પાણી ફરી વળવાની ઘટના બની છે.

## બમ-બમ ભોલેના નાદ સાથે અમરનાથ યાત્રાનો પ્રારંભ

। જમ્મુ-કાશ્મીર, તા.૧ ।

બાબા બર્ફાનીના દર્શન કરવા માટે જે આતુરતાથી ભક્તો રાહ જોઈ રહ્યા હતા, એનો હવે અંત આવ્યો છે. બાબા અમરનાથની યાત્રાનો શુભારંભ થઈ ચૂક્યો છે. આજે વહેલી સવારે બાબા બર્ફાનીના દર્શન માટે આવેલા ભક્તોના પહેલાં લોટને રવાના કરવામાં આવ્યો છે. ભક્તો બાબા બર્ફાનીના દર્શન કરવા માટે બાલતાલ અને પહેલગામ જવા માટે રવાના થયા છે. હાલ ત્રણેક લાખ જેટલાં ભક્તોએ બાબા બર્ફાનીના દર્શન કરવા માટે રજિસ્ટ્રેશન પણ કરાવ્યું છે. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ શ્રદ્ધાળુઓના પહેલાં લોટને રવાના કર્યો હતો. જે બાદ જમ્મુના બેઝ કેમ્પમાં બમ બમ ભોલના નાદ ગૂંજી ઉઠ્યા હતા. તો આ વખતે નિયોમાં પણ મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. ઉત્તર ભારતમાં વરસાદે ધબધબાટી બોલાવી છે, ત્યારે અહીં ભૂસ્ખલનમાં પણ વધારો થયો છે. જેથી યાત્રીઓને કોઈ જાનહાનિ ન પહોંચે એટલા માટે દર્શન કરવાના નિયમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. શનિવારથી ભક્તો બાલતાલ અને પહેલગામના રસ્તે બાબા બર્ફાનીના દર્શન કરવા માટે ગુફા તરફ આગળ વધશે. ભગવતી નગર આધાર શિબિરમાં ગુરુવારના રોજ ૧૬૦૦થી પણ વધારે ભક્તો પહોંચ્યા હતા. લખનૌથી કાશ્મીર સુધીના રસ્તા પર પણ બમ બમ ભોલે નાથના નાદ સંભળાઈ રહ્યા છે. જમ્મુ-શ્રીનગર હાઈવે પર પણ યાત્રીઓ માટે કટ ઓફ સમય જારી કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે, બાબા બર્ફાનીની આ યાત્રા ૬૨ દિવસ સુધી ચાલતી હોય છે, જે પહેલી જુલાઈના રોજ શરુ થાય છે અને ૩૧મી ઓગસ્ટ સુધી સમાપ્ત થઈ જાય છે. હિન્દુ ધર્મના લોકો માટે આ યાત્રા ખૂબ જ મહત્વની હોય છે. અમરનાથની ગુફા ભગવાન શિવનું નિવાસ સ્થાન માનવામાં આવે છે. તો શ્રદ્ધાળુઓના ધસારા બાદ તંત્રએ રજિસ્ટ્રેશન પણ શરુ કરી દીધું છે. સાથે જ આ વર્ષે ભારે વરસાદના કારણે અહીં સ્થિતિ થોડી વણસેલી છે.

### વિદેશી લિગમાં રમવા મહિલા ક્રિકેટર્સને મંજૂરી

## ભારતીય ખેલાડી શ્રેયાંક પાટીલ વેસ્ટ ઈન્ડિઝમાં મહિલા લિગમાં રમશે



। નવી દિલ્હી, તા.૧ ।

ભારતીય ક્રિકેટ ટીમના પુરૂષ ખેલાડીઓની સાથે સાથે છેલ્લા ૧૦ વર્ષમાં મહિલા ખેલાડીઓનું પણ પ્રદર્શન મેદાન પર શાનદાર રહ્યું છે. પુરૂષ ટીમના ખેલાડીઓને બીસીસીઆઈ તરફથી વિદેશી ટી૨૦ લીગમાં રમવાની મંજૂરી નથી, પરંતુ બોર્ડે આ માટે મહિલા ખેલાડીઓને છૂટ આપી છે. હવે ૨૧ વર્ષની ભારતીય મહિલા ખેલાડી શ્રેયંકા પાટીલ વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનારી મહિલા કેરેબિયન પ્રીમિયર લીગમાં રમનારી પ્રથમ ખેલાડી બનશે. યુવા ઓફ સ્પિનર શ્રેયંકા પાટીલને ડબલ્યુસીપીએલમાં ગુયાના એમેઝોન વોરિયર્સની ટીમે સામેલ કરી છે. ડબલ્યુસીપીએલની આગામી આવૃત્તિ ૩૧મી ઓગસ્ટથી ૧૦મી સપ્ટેમ્બર સુધી શરૂ થશે.

આ પહેલા પણ ભારતીય મહિલા ટીમની ઘણી ખેલાડીઓ વિદેશી ટી૨૦ લીગમાં જોવા મળી ચૂકી છે. મહિલા ટીમની વર્તમાન કેપ્ટન હરમનપ્રીત કૌર સિવાય વાઈસ-કેપ્ટન સ્મૃતિ મંધાના, જેમિમા રોડ્રિગ્સ, શેફાલી વર્મા અને રિચા ઘોષ સહિત અન્ય ઘણી ખેલાડીઓ ઈંગ્લેન્ડમાં ધ હન્ડ્રેડ તેમજ ઓસ્ટ્રેલિયાની મહિલા બિગ બેશ લીગમાં જોવા મળી છે. શ્રેયંકાનું શાનદાર પ્રદર્શન ગયા મહિને હોંગકોંગ દ્વારા યોજાયેલી ઈમર્જિંગ એશિયા કપ ટુર્નામેન્ટમાં જોવા મળ્યું હતું. શ્રેયંકાએ ૨ મેચમાં ૭ ઓવર ફેંકી હતી જેમાં તેણે ૧૫ રન આપીને ૯ વિકેટ લીધી હતી. ફાઈનલ મેચમાં શ્રેયંકાએ ૪ વિકેટ લઈને ટીમની જીતમાં મહત્વનું યોગદાન આપ્યું હતું. શ્રેયંકાને તેના પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો ખિતાબ પણ આપવામાં આવ્યો હતો. શ્રેયંકા પાટીલ મહિલા આઈપીએલની પ્રથમ આવૃત્તિમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર મહિલા ટીમ તરફથી રમતી જોવા મળી હતી.

### બાલાસોર ટ્રેન દુર્ઘટનામાં મોટી જાનહાની થઈ હતી

## દક્ષિણ પૂર્વ રેલવેના નવા જનરલ મેનેજરની હકાલપટ્ટી

### કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા અનિલ કુમાર મિશ્રાની દક્ષિણ પૂર્વ રેલવેના નવા જનરલ મેનેજર તરીકે નિમણૂક

। બાલાસોર, તા.૧ ।

ઓડિશામાં બાલાસોર ટ્રેન દુર્ઘટના બાદ સાઉથ ઈસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર અર્ચના જોશીને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. કેબિનેટની નિમણૂક સમિતિએ અનિલ કુમાર મિશ્રાની દક્ષિણ પૂર્વ રેલવેના નવા જનરલ મેનેજર તરીકે નિમણૂકને મંજૂરી આપી છે. સુત્રો અનુસાર અર્ચના જોશીને નવી જવાબદારી સોંપવામાં આવી છે. તેમને કર્ણાટકના યેલાહંકા ખાતે રેલ વ્હીલ ફેક્ટરીના જનરલ મેનેજર બનાવવામાં આવ્યા છે. સુત્રોના જણાવ્યા અનુસાર બાલાસોર ટ્રેન દુર્ઘટનાની તપાસ કરી રહેલા સીઆરએસએ તેનો રિપોર્ટ રેલવે બોર્ડને સુપરત કર્યો છે. રિપોર્ટમાં શું કહેવામાં આવ્યું છે તેની માહિતી બહાર આવી નથી. રેલવે બોર્ડના વરિષ્ઠ અધિકારીઓએ રિપોર્ટના તારણો અંગે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. સીઆરએસ ઉપરાંત સીબીઆઈ પણ ઘટનાની તપાસ કરી રહી છે. દુર્ઘટના બાદ, રેલવેએ દક્ષિણ પૂર્વીય રેલવેના ઘણા ઉચ્ચ અધિકારીઓની બદલી કરી છે, જેમના અધિકારક્ષેત્રમાં આ ઘટના બની હતી. પ્રાથમિક તપાસમાં અકસ્માતના કારણ તરીકે સિગ્નલ સિસ્ટમમાં બેદરકારી અથવા ઈરાદાપૂર્વકની દખલગીરી દર્શાવવામાં આવી છે. અગાઉ ૨૮ જૂનના રોજ સમાચાર આવ્યા હતા કે બાલાસોર ટ્રેન દુર્ઘટનામાં સીબીઆઈ તપાસની દેખરેખ રાખતા વરિષ્ઠ આઈપીએસ અધિકારી વિપ્લવ કુમાર ચૌધરીના કાર્યકાળને લંબાવવામાં આવ્યો હતો. ચૌધરીને સીબીઆઈમાં જોઈન્ટ ડાયરેક્ટર તરીકે દોઢ વર્ષનું એક્સટેન્શન આપવામાં આવ્યું હતું. કર્મચારી મંત્રાલયે એક આદેશમાં જણાવ્યું હતું કે કેબિનેટની નિમણૂક સમિતિએ ૨૮ માર્ચ ૨૦૨૩થી ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીના એક વર્ષ અને ૬ મહિનાના સમયગાળા માટે તેમની પ્રતિનિયુક્તિનો કાર્યકાળ વધારવાની મંજૂરી આપી હતી.

### વિદેશી ખર્ચ અને ટીસીએસ અંગે મોટી ખબર

## ક્રેડિટ કાર્ટ દ્વારા વિદેશી ખર્ચ પર કોઈ ટીસીએસ કપાશે નહીં

### ક્રેડિટ કાર્ડ દ્વારા વિદેશમાં કરાયેલું પેમેન્ટ એલઆરએસ એટલે કે લિબ્રલાઈઝ્ડ રેમિટેન્સ યોજના હેઠળ આવશે નહીં

। નવી દિલ્હી, તા.૧ ।

વિદેશી ખર્ચ અને ટીસીએસ અંગે મોટી ખબર સામે આવી રહી છે. જેનાથી વિદેશમાં ફરવા જનારને મોજ પડી શકે છે. હવે ક્રેડિટ કાર્ટ દ્વારા વિદેશી ખર્ચ પર કોઈ ટીસીએસ એટલે કે ટેક્સ અટ સોર્સ કપાશે નહીં. સરકારે આ માટે નોટિફિકેશન જાહેર કર્યુ છે. નોટિફિકેશનમાં કહેવામાં આવ્યુ છે કે ક્રેડિટ કાર્ડ દ્વારા વિદેશમાં કરવામાં આવેલુ પેમેન્ટ એલઆરએસ એટલે કે લિબ્રલાઈઝ્ડ રેમિટેન્સ યોજના હેઠળ આવશે નહીં. વાર્ષિક ૭ લાખ સુધીના વિદેશી ખર્ચ પર કોઈ ટીસીએસ લાગશે નહીં.

નાણા મંત્રાલયે કહ્યુ કે પ્રતિ વ્યક્તિ ૭ લાખ રૂપિયા સુધી વાર્ષિક એલઆરએસ હેઠળ વિદેશી ટૂર પેકેજ પર ખર્ચની ચૂકવણી કોઈ પણ પ્રકારે કરી હોય તેની પર કોઈ ટીસીએસ આપવુ પડશે નહીં. જોકે, ૭ લાખથી વધુના રેમિટેન્સ પર વધુ ટીસીએસ



લાગુ થશે. ક્રેડિટ કાર્ડના ઉપયોગથી વિદેશી રેમિટેન્સ પર કોઈ ટીસીએસ લાગશે નહીં.

નાણા મંત્રાલયે ૧ જુલાઈથી લાગુ થતા ટીસીએસ નિયમને વધારી દીધા છે. હવે વધેલુ ટીસીએસ ત્રણ મહિના આગળ વધારી દેવાયુ છે. લોકોને ૭ લાખથી વધુના વિદેશી ખર્ચ પર ૧ ઓક્ટોબરથી ટીસીએસ આપવુ પડશે. નવા ટીસીએસ દર ૧ ઓક્ટોબરથી લાગુ થશે. નાણા મંત્રાલયે માર્ચમાં એલાન કર્યુ હતુ કે ક્રેડિટ કાર્ડ પેમેન્ટ પણ એલઆરએસ હેઠળ લાવવામાં આવશે પરંતુ હવે નાણા મંત્રાલયે પોતાના આ નિર્ણયને હોલ્ડ પર રાખ્યો છે. સરકારે આ નિયમમાં પરિવર્તન કરતા જણાવ્યુ કે વિદેશોમાં ઈન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડથી લેણદેણ હવે એલઆરએસ હેઠળ આવશે નહીં એટલે કે આ ખર્ચ પર કોઈ પણ ટેક્ટ એટ સોર્સ લાગશે નહીં. હવે એક ઓક્ટોબર ૨૦૨૩થી વિદેશોમાં ક્રેડિટ કાર્ડ દ્વારા ખર્ચ ટીસીએસ ફ્રી રહેશે. સરકાર વિદેશી ખર્ચ પર ૧ જુલાઈથી એલઆરએસ યોજના હેઠળ ૨૦% ટીસીએસ કાપવાની યોજના બનાવી રહી હતી પરંતુ હવે ૭ લાખ સુધીનો વાર્ષિક વિદેશી રેમિટેન્સ ટીસીએસ ફ્રી રહેશે. ૧ જુલાઈથી લાગુ થતા આ નિયમને સરકારે ૩ મહિના માટે વધારી દીધો છે. હવે નવા ટેક્સ દર ૧ ઓક્ટોબરથી લાગુ થશે. સરકારે વિદેશમાં ફરતા લોકોને મોટી ભેટ આપતા આને ૩ મહિના માટે વધાર્યો છે.

## અમેરિકાએ તોડેલા ચીનના બલૂનમાં ગુપ્ત માહિતી નહતી

। વોશિંગ્ટન, તા.૧ ।

આ વર્ષે ફેબ્રુઆરીમાં અમેરિકા અને ચીન વચ્ચે જાસૂસી બલૂનને લઈને તણાવ સર્જાયો હતો. અમેરિકાના મોન્ટાના રાજ્યના આકાશમાં ચીનનો બલૂન જોવા મળ્યો હતો. ચીને તેને અંત સુધી હવામાનની માહિતી એકત્ર કરતું બલૂન ગણાવ્યું હતું. જો કે યુએસ એરફોર્સે તેને તોડી પાડ્યું હતું. હવે અમેરિકી રક્ષા મંત્રાલય પેન્ટાગોને ખુલાસો કર્યો છે કે જે ચીની જાસૂસી બલૂનને તોડી પાડવામાં આવ્યું હતું તેણે કોઈ ગુપ્ત માહિતી એકત્ર કરી ન હતી. પેન્ટાગોને સ્પષ્ટપણે જણાવ્યું નથી કે આ ચાઈનીઝ બલૂન જાસૂસી માટે હતું કે નહીં. જો કે સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ પેટ રાઈડરે કહ્યું કે આ બલૂને ન તો કોઈ સંવેદનશીલ ડેટા એકત્રિત કર્યો છે અને ન તો તેને ચીનને મોકલ્યો છે. અમે જાણીએ છીએ કે આ બલૂન ગુપ્ત માહિતી એકત્ર કરવાની ક્ષમતા ધરાવતું હતું પરંતુ તે અમારું વિશ્લેષણ છે કે આ બલૂન યુએસ આકાશમાંથી પસાર થતી વખતે કોઈ સંવેદનશીલ માહિતી એકત્રિત કરી શક્યું નથી. રાઈડરે વધુમાં કહ્યું કે પેન્ટાગોને પહેલાથી જ ફુગ્ગાઓ પર ક્રેક ડાઉન કરીને આવા પ્રયાસને અટકાવ્યો છે.



### મુંબઈમાં ૨૦૨૩નું ચોમાસુ ભરપુર વરસી રહ્યું છે

## મુંબઈમાં પાંચ દિવસમાં જૂનનો ૯૫ ટકા કરતા વધુ વરસાદ વરસ્યો

### આવતા ચાર દિવસ દરમિયાન મધ્ય મહારાષ્ટ્રનાં પુણે, કોલ્હાપુર, સાતારામાં અનરાધાર વરસાદ વરસે તેવી વકી

। મુંબઈ, તા.૧ ।

૨૦૨૩નું ચોમાસુ મુંબઈમાં ભરપૂર વરસી રહ્યું છે. ખાસ કરીને ૨૯,જૂને, શુક્રવારે તો મુંબઈનાં પશ્ચિમનાં પરાં બોરીવલી, કાંદિવલી,મલાડથી લઈને અંધેરી સુધી અનરાધાર વરસાદ વરસ્યો હતો. પૂર્વનાં પરાં પવઈ,ઘાટકોપર, મુલુંડ, કુર્લામાં પણ સારી વર્ષા થઈ હોવાના સમાચાર મળે છે. આજે ૩૦,જૂને હવામાન ખાતાએ મુંબઈમાં ભારેથી અતિ ભારે વર્ષા(ઓરેન્જ એલર્ટ)નો વરતારો આપ્યો હતો. પશ્ચિમનાં પરાંમાં અને પૂર્વનાં પરાંમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો. બીજીબાજુ મહારાષ્ટ્રનાં પેણ -૧૬૯ મિ.મિ., ઉરણ -૧૫૦, વિક્રમગઢ-૧૩૦, ભીવંડી-૧૧૦, કર્જત-૮૦, વસઈ -૭૦, પનવેલ -૭૦ મિ.મિ. વર્ષા થઈ હોવાના સમાચાર મળે છે. હવામાન ખાતાએ એવો વરતારો આપ્યો છે કે મુંબઈમાં હજી આવતા ૨૪ કલાક દરમિયાન અને ૪,જુલાઈએ ભારે વરસાદ વરસે તેવાં કુદરતી પરિબળો સર્જાયાં છે. ૧થી ૪, જુલાઈએ થાણે, પાલઘરમાં, રાયગઢ, રત્નાગિરિ, સિંધુદુર્ગમાં શ્રીકાર વર્ષા (યલો --ઓરેન્જ એલર્ટ)થાય તેવી શક્યતા છે.

આવતા ચાર દિવસ (૧થી ૪, જુલાઈ) દરમિયાન મધ્ય મહારાષ્ટ્રનાં પુણે, કોલ્હાપુર, સાતારામાં અનરાધાર વરસાદ(યલો એલર્ટ) વરસે તેવાં કુદરતી પરિબળો ઘુમરાઈ રહ્યાં છે. રાજ્યના અન્ય વિસ્તારોની સરખામણીએ મરાઠવાડામાં પ્રમાણમાં ઓછો વરસાદ વરસ્યો હોવાના સમાચાર મળે છે.જોકે આવતા ચાર દિવસ દરમિયાન મરાઠવાડામાં મધ્યમ વર્ષા થવાની શક્યતા છે. હવામાન ખાતાનાં સિનિયર વિજ્ઞાની સુષમા નાયરે એવી માહિતી આપી હતી કે ૨૦૨૩ની ૨૪ થી૨૯,જુલાઈ દરમિયાન મુંબઈમાં કુલ ૯૫ ટકા કરતાં પણ વધુ વરસાદ વરસ્યો છે. જોકે છેલ્લા છ દિવસ દરમિયાન મુંબઈમાં મધ્યમથી મુશળધાર વરસાદ વરસ્યો હોવા છતાં જૂનના સરેરાશ વરસાદની સરખામણીએ શહેરમાં ઓછી વર્ષા થઈ છે. ઉદાહરણરૂપે દર વરસે જૂનમાં કોલાબામાં સરેરાશ ૫૪૨.૩ મિલિમીટર વર્ષા નોંધાય છે. જ્યારે ૨૦૨૩ના જૂનમાં ૩૯૫ મિ.મિ. વરસાદ વરસ્યો છે. જોકે આમાંનો ૩૭૧.૪ મિ.મિ. વરસાદ તો ૨૪થી ૨૯, જૂન દરમિયાન નોંધાયો છે. સાથોસાથ દર જૂનમાં સાંતાક્રૂઝમાં ૫૩૭.૩ મિ.મિ. વર્ષા નોંધાય છે.

### ઝારખંડના ધનબાદમાં તંગદીલી

## ઈ-રિક્ષા બેટરી ચાર્જર ચોરીના વિવાદમાં બે જૂથો વચ્ચે અથડામણ

### બે જૂથો વચ્ચે ઉગ્ર પથ્થરમારો-ભયંકર બોમ્બમારો થયો

। ધનબાદ, તા.૧ ।

ધનબાદ જિલ્લામાં ઈ-રિક્ષાના બેટરી ચાર્જરની ચોરીના વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ બાબતે બે જૂથો વચ્ચે ઉગ્ર પથ્થરમારો થયો હતો. એટલું જ નહીં ભયંકર બોમ્બમારો પણ થયો હતો. ઘટનાને જોતા જિલ્લા મુખ્યાલયથી વધારાનું પોલીસ દળ સ્થળ પર તૈનાત કરવામાં આવ્યું છે. હવે સમગ્ર વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયો છે.

આ મામલો કાત્રાસ પોલીસ સ્ટેશન વિસ્તારના છતાબાદ કૈલુડીહના ખટાલનો છે. ટોટો વાહનનું ચાર્જર એટલે કે ઈ-રિક્ષા ચોરાઈ જતાં બે જૂથ વચ્ચે વિવાદ થયો હતો અને ત્યારબાદ ખૂબ જ મારપીટ થઈ. જેમાં એક ડઝન જેટલા લોકો ઘાયલ થયા હતા. આ લડાઈમાં એક જૂથ જનાર્દન યાદવ, રાજીવ યાદવ અને વિજય યાદવનું છે અને બીજું જૂથ મોહમ્મદ શમીમ અખ્તર, મોહમ્મદ નૌશાદ અંસારી, શાહનવાઝ અંસારી, દિલશાદ અંસારી અને મોહમ્મદ આફતાબનું છે. ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. પરંતુ લગભગ ૨ કલાક બાદ ફરી સ્થિતિ વણસી હતી. આ ઘટનાના વિરોધમાં એક જૂથે સ્થાનિક કાઉન્સિલરના પ્રતિનિધિનું પૂતળું પણ સળગાવ્યુ હતું.

આ પછી ધીમે-ધીમે લોકોનું ટોળું ઉશ્કેરાઈ ગયું અને સ્થળ પર ભારે પથ્થરમારો થયો. બંને જૂથોએ બોમ્બમારો પણ કર્યો હતો. માહિતી મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પરંતુ સ્થાનિક પોલીસ માટે પરિસ્થિતિને કાબૂમાં રાખવી ખૂબ જ મુશ્કેલ બની રહી હતી.

### નેતા-અભિનેત્રી બોલિવૂડનું સૌથી નવું કપલ

## પરીણિતી અને રાઘવ ચઠ્ઠાએ સુવર્ણ મંદિરના દર્શન કર્યા

### પરિણીતી-રાઘવ વર્ષના અંત સુધીમાં લગ્નના બંધનમાં બંધાઈ જવાની તૈયારીમાં, ઉદયપુરમાં લગ્ન કરે એવી શક્યતા

। મુંબઈ, તા.૧ ।

પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢા ઈન્ડસ્ટ્રીનું સૌથી નવું કપલ છે. હાલમાં જ દિલ્હીમાં એક ભવ્ય સમારંભમાં બંનેની સગાઈ થઈ હતી. આ સમારોહમાં રાજકીય ક્ષેત્રની અનેક જાણીતી હસ્તીઓ પહોંચી હતી. પરિણીતીની બહેન પ્રિયંકા ચોપરા જોનસ પણ સગાઈમાં સામેલ થઈ હતી. પરિણીતી અને રાઘવ આ વર્ષના અંત સુધીમાં લગ્નના બંધનમાં બંધાઈ જવાની તૈયારીમાં છે. તેઓ તાજેતરમાં ઉદયપુરથી પાછા ફરતી વખતે દિલ્હી એરપોર્ટ પર જોવા મળ્યા હતા, જ્યાં તેઓ તેમના લગ્નના સ્પોટની શોધમાં ગયા હોવાનું કહેવાય છે. હવે પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢા અમૃતસરના સુવર્ણ મંદિરમાં દર્શન કરવા પહોંચ્યા છે. ત્યાંથી બંનેની ઘણી ફોટોસ સામે આવી છે. અમૃતસરની ફોટોસમાં પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢા સુવર્ણ મંદિરમાં સાથે



ફરતા જોવા મળી રહ્યા છે. ઓફ-વ્હાઈટ સલવાર કમીઝ અને માથાની આસપાસ લપેટાયેલ દુપટ્ટામાં પરિણીતી ખુબ સુંદર દેખાઈ રહી છે.

## પકડાયેલા શખ્સ પાસેથી વિસ્ફોટકો હથિયાર મળ્યા

। વોશિંગ્ટન, તા.૧ ।

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાના ઘર નજીકથી એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. આ વ્યક્તિ પાસેથી વિસ્ફોટક અને ખતરનાક હથિયારો મળી આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ વ્યક્તિની ઓળખ સિએટલના ૩૭ વર્ષીય ટેલર ટેરેન્ટો તરીકે થઈ છે. સુરક્ષા અધિકારીઓએ તેને ઓબામાના ઘરની નજીક જોયો હતો અને તેનો પીછો કરવાનું શરૂ કર્યું હતું. આ પછી ટેરેન્ટો ઓબામાના ઘર તરફ દોડવા લાગ્યો હતો. જો કે તે સમયસર ઝડપાઈ ગયો હતો. મળેલ માહિતી મુજબ આ વ્યક્તિ યુએસ કેપિટલ રાયટ્સમાં વોન્ટેડ છે.

ધરપકડ દરમિયાન અધિકારીઓને ટેરેન્ટોનું વાહન નજીકમાં પાર્ક થયેલું મળ્યું હતું. તે ઘણા હથિયારો અને વિસ્ફોટક ઉપકરણોથી ભરેલું હતું. જો કે આ ઉપકરણો એસેમ્બલ થયા ન હતા. સુત્રો અનુસાર, ટેરેન્ટોએ અગાઉ લાઈવ બ્રોડકાસ્ટ દરમિયાન સોશ્યલ મીડિયા પર એક લોકપ્રિય વ્યક્તિ સામે ધમકીઓ આપી હતી. આનાથી અમેરિકન અધિકારીઓ ચિંતિત છે. આ સિવાય ૬ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ થયેલા કેપિટલ રાયટ્સમાં પણ ટેરેન્ટો વિરુદ્ધ વોરંટ જારી કરવામાં આવ્યું હતું.

અધિકારીઓનું આ વાત પર ધ્યાન ગયું કે ટેરેન્ટો ઓબામાના ઘરની નજીક ઊભો હતો તે કોઈ સંયોગ નથી. તે છેલ્લા કેટલાક મહિનાઓથી ડીસી વિસ્તારમાં રહેતો હતો. તે પોતાની વાન સાથે ડીસી જેલની બહાર પડાવ નાખતો જોવા મળ્યો હતો. ૬ જાન્યુઆરીની ઘટનાના ઘણા ગુનેગારો આ જેલમાં બંધ છે.

મેટ્રોપોલિટન પોલીસ વિભાગના જણાવ્યા અનુસાર, ટેરેન્ટો સામેના આરોપોમાં ભાગેડુ હોવાનો પણ સમાવેશ છે. આ ઘટના દરમિયાન કોઈને ઈજા થઈ ન હતી, જો કે ધરપકડ સમયે ઓબામા પરિવાર ઘરમાં હાજર હતો કે કેમ તે સ્પષ્ટ નથી.

## તંત્રી લેખ...

# ગામોની હાલત ખરાબ છે

સ્વતંત્રતાનાં આટલા વર્ષો બાદ પણ ગ્રામ્ય વિસ્તારોની હાલત ખરાબ થયેલી છે. ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારીને વધારવા માટે હજુ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે પરંતુ હજુ વધુ પગલાની જરૂર છે. કારણ કે લોકો મોટા પાયે હજુ હિજરત કરી રહ્યા છે.ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરોમાં પલાયન માટે અન્ય કેટલાક કારણો પણ રહેલા છે. થોડાક દિવસ પહેલા જ નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ) દ્વારા અખિલ ભારતીય. ગ્રામીણ સમાવેશી નાણાંકીય. સર્વેક્ષણના નવા હેવાલે તમામની ચિંતાને વધારી દીધી છે. આ રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે કૃષિમાં સંલગ્ન પરિવારોની આવકમાં કૃષિ અને સહાયક ગતિવિધીની હિસ્સેદારી માત્ર ૪૩ ટકાની આસપાસ રહે છે. જ્યારે ૫૭ ટકા આવક મજુરી, નોકર અને અન્ય કારોબાર મારફતે આવે છે. એવા પરિવાર જે કૃષિમાં સામેલ રહેલા નથી તેમની સરેરાશ આવક પૈકી ૫૪.૨ ટકા મજુરી, ૩૨ ટકા સરકારી અને ખાનગી નોકરીમાંથી આવે છે. માત્ર ૧૧.૭ ટકા રકમ જ કારોબારથી મળે છે. જો કૃષિ અને બિન કૃષિમાં સામેલ પરિવારને ભેળવી દેવામાં આવે તો ગ્રામીણ ક્ષેત્રોમાં માત્ર ૨૩ ટકાની આવક જ કૃષિ મારફતે થઈ રહી છે જે ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. બાકીની ૭૭ ટકા આવક મજુરી, સરકારી અને ખાનગી નોકરી તેમજ અન્ય કારોબાર મારફતે આવક થઈ રહી છે. આ આંકડાથી જે ચિંતાજનક ચિત્ર ઉપસીને સપાટી પર આવે છે તે એ છે કે ગ્રામીણ વિસ્તારોમાં આવકની દ્રશ્ટિએ ખેતીની હાલત કફોડી બનેલી છે. જો કે કોઈ બે રીતે આંકડાની તુલના કરવાની બાબત યોગ્ય રહેતી નથી. છતાં ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવાની બાબત કેટલીક રીતે સોર્સ રહેલા છે. ગામો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવા માટે એક જ ક્ષેત્ર રહી જાય છે તે છે આવકના સાધન. કેન્દ્રિય આંકડાકીય મંત્રાલય સંગઠન ગ્રામો અને શહેરોમાં આવકના આંકડા નિયમિત રીતે પ્રકાશિત ન કરવાના કારણે સ્થિતી પર યોગ્ય તારણ કાઢવા સરળ નથી. છતાં સ્થિતી જટિલ તરીકે ઉભરી રહી છે. નાબાર્ડે સર્વેના તારણ જારી કર્યા છે. નાબાર્ડના સર્વેક્ષણ મુજબ ૫૦ હજારથી ઓછી વસ્તીના ગામો શહેરોના કુલ ૨૧.૧૭ કરોડ પરિવારોમાં માત્ર ૧૦.૦૭ કરોડ જ કૃષિ આધારિત પરિવાર છે. આ એવા લોકો છે જેમની પાસે પરિવારના કોઈ એક સભ્યની આવક પાંચ હજારથી વધારે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ દેશમાં ૬૮.૮ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે. થોડાક વર્ષ પહેલા સુધી શહેરી પ્રતિ વ્યક્તિ આવક ગ્રામીણ પ્રતિ વ્યક્તિ આવકથી નવ ગણી વધારે હતી. આંકડા શહેરી વિસ્તારમાં રહેતા લોકો અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે વધતા જતા અંતરને સાબિત કરે છે. સાથે સાથે નિતી નિયમો તૈયાર કરનાર લોકો માટે ચિંતાજનક પણ છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં લોકોની હિજરત માટેના એક મુખ્ય કારણ તરીકે આને ગણી શકાય છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો હવે ખેતીની અવગણના કરીને શહેરી વિસ્તારમાં આવી રહ્યા છે. આ પ્રવાહ જારી રહે તે યોગ્ય નથી. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની આવક સતત વધે તે જરૂરી છે.

### હાં માલઢોરને નુકશાન થયું, દરિયા કિનારે નુકશાન થયું, ઝાડ પડવા, છાપરા ઉડવા, વીજળીના થાંભલા ઉખડી જવાં, જેવું ઘણું બધું મોટા પાયે થયું! પણ પ્રજા હવે દર વર્ષ આવાં કોઈ ને કોઈ કુદરતી ફટકાથી જાણે ટેવાઇ ગઇ હોય, એમ વળી પાછી એમ નેમ થઈ ગઈ

# અત્ર સર્વત્ર જળબંબાકારમાં કેમ રહીશું સ્વસ્થ!!



**સદગુરુ વચનામૃત**
સંકલન : ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



ગયા વર્ષ તાઉતે અને આ વર્ષે બિપોરજોય નામનું વાવાઝોડું ગુજરાત પર ત્રાટકી ચૂક્યું, અને જેની દહેશત હતી, એવી કોઈ ખાના ખરાબી કર્યા વગર વાવાઝોડું નિર્જન વિસ્તારમાં સમી ગયું, અને સૌનાં આશ્ચર્ય વચ્ચે લગભગ એકપણ જાનહાનિની ખબર આવી નથી! હાં માલઢોરને નુકશાન થયું, દરિયા કિનારે નુકશાન થયું, ઝાડ પડવા, છાપરા ઉડવા, વીજળીના થાંભલા ઉખડી જવાં, જેવું ઘણું બધું મોટા પાયે થયું! પણ પ્રજા હવે દર વર્ષ આવાં કોઈ ને કોઈ કુદરતી ફટકાથી જાણે ટેવાઈ ગઈ હોય, એમ વળી પાછી એમ નેમ થઈ ગઈ. લગભગ દરેકને ખબર છે કે વિજ્ઞાન વિકાસને નામે પ્રકૃતિમાં જે પ્રદૂષણ ફેલાય છે, એને કારણે આવાં કુદરતી ફટકા પડે છે પણ તે છતાં સુધારો કરવાની પહેલ કોઈ કરતું નથી! કમ સે કમ જેટલા ઝાડ પડે છે, એટલે વાવીને ઉછેરવામાં આવે તો ઓક્સિજનનું પ્રમાણ બેલેન્સ થાય, અને હવાનું દબાણ ઓછું વધુ ન થાય! દેખાડો કરવા વૃક્ષારોપણ તો થાય છે,પણ પછી ઉછેર થાય છે કે નહીં? એ બધું રામ રામ બોલો! પણ હવે ચોમાસાની શરૂઆત થઈ ગઈ છે અને સ્વસ્થ રહેવું પડશે.

ગુજરાત સહિત ભારત ભરમાં વરસાદની મોસમ એટલે કે ચોમાસાની ઋતુની શરૂઆત થઈ ગઈ છે. આ વખતે તો ગુજરાતનાં મોટાભાગના પ્રાંતમાં ચોમાસાની એન્ટ્રી થઈ ગઈ છે, અને અત્ર સર્વત્ર જળબંબાકારની સ્થિતિ છે, જાણે કે આભ ફાટ્યું હોય એમ! બધે પાણી પાણી ભરાયાં છે, જન જીવન અસ્ત વ્યસ્ત થઈ ગયું છે, અને ભવિષ્ય ભાખનારે સારાં ચોમાસાની આગાહી પણ કરી છે. ગુજરાત ઘણી નદી અને ડેમ ધરાવતું રાજ્ય હોવાથી, અન્ય રાજ્ય કરતાં એટલે જ ગુજરાત ને પ્રમાણમાં ઓછી પાણીની તંગી ઓછી સહન કરવી પડે છે. વરસાદ આવતાં આ બળબળતી ગરમીમાં બધાએ હાશકારો અનુભવ્યો. ગ્લોબલ વોર્મિંગને કારણે ગરમી પણ અતિશય અનુભવાય છે, અને એ જ રીતે ચોમાસુ પણ થોડું કષ્ટદાયક જાય છે. એટલે કે ક્યારેક અતિવર્ષા તો ક્યારેક અવર્ષા એમ હવે થઈ ગયું છે. ઋતુઓ પણ પહેલાની જેમ પ્રતિભાવંત રહી નથી, અને ગમે તે સમયે ગમે તે થાય છે.ભર શિયાળે પણ વરસાદ અને, ભર ઉનાળે પણ વરસાદ એવી આખી ઋતુ ચક્રની અવદશા સમાજ અનુભવી રહ્યો છે, પરંતુ એકંદરે ચોમાસુ એ નાનાથી મોટા સૌને ગમતી ઋતુમાં આવે છે, અને સૌથી મોટું કારણ એનું આગળની ઋતુ એટલે કે ઉનાળો અત્યંત દાહક હોવાથી વરસાદની શીતળતા સૌને આરામ આપે.


યુવા દિલોનામાં થનગનાટ કરતી ઋતુ એટલે વર્ષા ઋતુ,અને પ્રેમી પંખીડા ન સ્થળ જુવે, ન સમય જુવે, બસ એકમેકમાં ખોવાઈ જાય. એમાં પણ વરસાદની ઋતુ હોય અને પિયુ પરદેશ વસતો હોય, એટલે કે હાજર ન હોય તો એમનાં તડપતા દિલ પર તો કવિઓ એ કેટલા ગીત લખ્યાં છે. હિન્દી હોય કે ગુજરાતી લગભગ એકપણ ફિલ્મ વરસાદ ના દ્રશ્ય વગર ન બને. ડાયરેકટર ને પૂરેપૂરું ગ્લેમર પીરસવા નો મોકો એટલે ચોમાસું, ધડકતા દિલોને એક કરવાની મોસમ એટલે ચોમાસું,આવી જ કંઈક વ્યાખ્યા કરવી હોય તો કરી શકાય.પણ આ બધું જ ટીન એજથી વધીને ત્રીસ પાંત્રીસ વર્ષ તો બહુ થયાં! પછી તો બધી ઋતુ ઓ લગભગ સરખી જ લાગતી હોય! હા શરું શરું નાં એક બે વરસાદ ગમે પણ પછી તો જાણે સમસ્યાનો હારડો!! સૌ પ્રથમ તો કાદવ કીચડની પરેશાની, બીજી પાણીના ખાબોચિયાંની પરેશાની, ઘરથી બજાર કે ઓફિસ બધે પાણી પાણી! અસંખ્ય જીવાતનો ઉપદ્રવ, મંકોડાની કેટલીયે જાતિ પ્રજાતિ નો ત્રાસ, અને દેડકા ને કંસારીની કોણ વધુ દાવેદારની આખી રાત ચાલતી સ્પર્ધા! ઉપરાંત ઘર જુનું હોય તો ક્યાં ક્યાં થી નેવાં પડે છે એની ઉપાધિ! ઘર બહાર અને ઘરમાં ભેજ એટલે બધું જ અનહાઈજીન લાગે! કપડાંની તો જાણે લોન્ડ્રી ખરીદી હોય એમ ત્રણ ચાર દિવસ ની હારમાળા,અને ચાર દિવસે સુકાય! અને એ પણ પાછાં એ પણ આપણાં માનસ જેવા બોદા!! આખો આખો દિવસ સુધી ક્યાંય જઈ શકાય નહીં અને ચાર દિવાલ વચ્ચે પુરાઈને રહેવું પડે ચોમાસાની આ સંધિ કાર્ડ ની ઋતુમાં નજાને કેટલાએ વાયરસનો ફેલાવો પણ થાય અને શરદી જેવા ચીકણા વાયરસથી તો ભાઈ તોબા! ટીવી અને ન્યૂઝ ચેનલોમાં પણ રાજ્ય ભરના વરસાદના દ્રશ્યો જ જોવા મળે!; એમાં પણ મેઘા રે મેઘા રે ગીત વાગતુ હોય, અને વરસાદની ટ્રેઝરી પણ દેખાડતા હોય એટલે બંને વાતનું કોમ્બિનેશન પણ બહુ અજીબ લાગે. એક તો વાતાવરણ ભેજવાળું અને એમાં ઉપરથી ગરમ ગરમ પકોડા ખાવાની લિજ્જત આવે અને વધુ ખવાઈ જાય તો પણ પાછી ઉપાધિ! ચા કોફી પણ હદ બહારનું લેવાઈ જાય એટલે શુગરના પ્રશ્નો પણ થાય.

ભીની ભીની ઋતુમાં મનોભાવ પણ ભીના ભીના થાય એમાં કોઈ બે મત નથી, અને મનોભાવ કાંઈ ઉંમર જોઈને થતા નથી, એ વાત પણ એટલી જ સાચી હોય છે. એકલા રહેતા સ્ત્રી પુરુષોને આમ પણ એકલતા સતાવતી હોય એમાં આ ઋતુ વધુ સતાવે અને ક્યાંક ક્યાંક તો એટલે જ ડીપ્રેશનમાં ગુન્હો પણ થાય! પ્રકૃતિ જાણે નવોઢાની જેમ શણગારી હોય એમ હરિયાળી છવાઈ જાય નદી નાળા છલકાઈ અને પર્વત પરથી ઝરણાઓ વહે એટલે કુદરતી દ્રશ્યો મન હરી લે. ઘણાં ને ફરવા નો શોખ હોય એ દૂર સુધી ફરવા નીકળી જાય અને રસ્તાઓ તૂટી જતાં કે ગાડી માં પંચર થતા મુસીબત વહોરી લીધાં જેવું પણ થાય એકંદરે મોસમનાં આવેશમાં આવી જઈ ને ઘણીવાર ભયંકર ભૂલ પણ થઈ જાય! ઘરમાં કરી શકાય એવાં શોખ પૂરા કરવા, ચિત્રકામ કરવું, સંગીત નો શોખ હોય તો રીયાઝ કરવું જુના ગીતો સાંભળવા, ઘરકામમાં મદદ કરવી, છાપાં વગેરે ના અગત્યના લેખ ફરીવાર વાંચવા મન પસંદ લેખકની વાર્તા ઓ વાંચવી,આમ બને ત્યાં સુધી ઘરમાં જ રહીને આ સમય પસાર કરવો કારણકે હવે પહેલાની જેમ શરીર પણ રહ્યા નથી એટલે ગમતી ઋતુ પણ નડી શકે છે.

આપણી પાસે તો દર સમસ્યા ના ઉકેલ સમો આર્યુવેદ છે, અને દરેક ઋતુમાં જેમ તકેદારી રાખવાની હોય છે તેમ ચોમાસામાં પણ તકેદારી રાખવાથી, ઋતુનો આનંદ પણ લઈ શકાય છે, અને બીમારી પણ દૂર રહે છે. જેમ કે દરેક જણા એ આ ઋતુમાં ઉકાળો પીવો જોઈએ,અને કડવાણી નો પ્રયોગ પણ હિતાવહ છે.આ ઉપરાંત સૌથી વધુ તો ઘર ભેજ મુક્ત રહે એ માટે તકેદારી રાખવી, જ્યારે તડકો નીકળે ત્યારે ઘરના બારી બારણા ખુલ્લા રાખવા. લીમડાનો ધૂમાડો કે ગુગળ નો ધૂપ કરવો, કપૂરની ગોટી સુંઘવી, સૂંઠ વાળું પાણી પીવું, તાજુ અને હળવું ભોજન કરવું. પકોડા વગેરે પહેલા વરસાદ માં જ પછી સાદું પોષ્ટીક અને સુપાચ્ય ખોરાક લેવો, ગરમ પીણાં અને ગરમ પાણીનો પ્રયોગ વધારવો. ઓછી સુગર વાળા ફ્રેશ જ્યુસ પીવા કોલ્ડ ડ્રીંક ને એવોઈડ કરવું. બેકરી આઈટમ અને આથાવાળી વસ્તુ પણ બને ત્યાં સુધી ઓછી લેવી. ભીના ન થવાય એનું ખાસ ધ્યાન રાખવું, રેઈન કોટ અને છત્રીનો ઉપયોગ કરવો. નાના બાળકો ને સંધ્યા પછી બહાર ન લઈ જવા. માસ્ક અને સેનીટાઈઝરનો ઉપયોગ હજી ચાલુ જ રાખવાનો છે.ખાસ લીલા શાકભાજી કે ફળો તેને ધોઈ સ્વચ્છ કરી અને ખાવા! પરંતુ અતિ સર્વત્ર વર્જ્ય એ સૂત્ર મુજબ જ ઋતુ નો આનંદ લેવો નહીં તો અત્યારે થતાં ડેન્ગ્યુ અને ટાઈફોઈડ ના વાયરસ બહુ ઝડપથી લાગે છે, ઉપરાંત ફંગલ ઈન્ફેકશન પણ આ ઋતુમાં બહુ જ થાય છે, તો એની પણ કાળજી લેવી. સૌથી વધુ મહત્વનું સોશ્યલ મીડિયા પર બતાવાતા દરેક નુસખાનો પ્રયોગ કરવો જરૂરી નથી, એ પણ યાદ રાખવું! બહુ ખાઈ લીધું હવે ન્યુટ્રીશન નાં નામે પણ કંઈ પેટમાં ન નાખીશું, તો વધુ ઝડપથી તંદુરસ્ત થઈશુ! અથવા નીરોગી રહીશું.

### વિશ્વના જુદા જુદા દેશોમાં રોબોટ વિવિધ ક્ષેત્રમાં કામ કરવા લાગી ગયા છે જેથી બેરોજગારીની સમસ્યા વધશે : કુશળતા વિકસાવવાની જરૂર છે

# રોબોટ હવે રોજગારી આંચકી રહ્યા છે






બેરોજગારીની સમસ્યાથી આજે સમગ્ર વિશ્વના દેશો પરેશાન છે. બેરોજગારીને દુર કરવા માટે મથામણ તમામ દેશો કરી રહ્યા છે પરંતુ આ સમસ્યા વધારે જટિલ બની રહી છે. હાલમાં એવી બાબત ઉભરીને સપાટી પર આવી છે કે આધુનિક સમયમાં રોબોટ રોજગારી પર સીધી અસર કરી રહ્યા છે. આવી સ્થિતીમાં ભારત સહિત વિકાસશીલ દેશોના શ્રમિકોના રોજગારની સુરક્ષા માટે હવે એવા લોકોના સમર્થનની નીતિ બનાવવી પડશે જે ટેકનોલોજી વિકાસમાં પાછળ છે. માનવ સંશાધન સાથે સંબંધિત શોધ માટે લોકપ્રિય વૈશ્વિક સંસ્થા મેન પાવર ગ્રુપે પોતાના રિપોર્ટમાં કેટલીક બાબતોનો ખુલાસો કર્યો છે. આ સંસ્થાએ પોતાના રિપોર્ટ ટેલેન્ટ શોર્ટેજ સર્વે ૨૦૨૩માં કહ્યુ છે કે દુનિયાભરમાં ૪૫ ટકા કંપનીઓ હાલના સમયમાં કાર્ય માટે યોગ્ય પ્રતિભાઓની કમીનો સામનો કરી રહી છે. જ્યારે ભારતમાં ૫૯ ટકા કંપનીઓને યોગ્ય અને ખાલી રહેલી જગ્યાઓ પર સારા અને કુશળ કર્મચારીઓ મળી રહ્યા નથી.

એક બાજુ લાયક અને કુશળ કર્મચારીઓની માંગ રોકેટ ગતિથી વધી રહી છે ત્યારે બીજી બાજુ રોજગારની જરૂર માટે નવી ચિંતા દેશ વિદેશમાં સપાટી પર આવી રહી છે. દેશ વિદેશમાં રોજગારીની સમસ્યા વચ્ચે રોબોટ એટલે કે યંત્રીકૃત માનવીની માંગ વધી રહી છે. તેમની સંખ્યા સતત વધી રહી છે. દુનિયાભરમાં હાલના દિવસોમાં રોબોટની માગ વધી છે. હાલના દિવસોમાં લોકપ્રિય લેખક માર્ટિન ફોર્ડના પુસ્તક રોબોટ્સના ઉદય ટેકનોલોજી ઔર રોજગાર વિહીન ભવિષ્યના ખતરા નામથી રહેલા પુસ્તકમાં કેટલીક બાબતોને સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવી રહી છે. આ લોકપ્રિય પુસ્તકમાં માર્ટિન ફોર્ડે કહ્યુ છે કે ટેકનોલોજીના પ્રતિક સમાન રોબોટ આગળ જઈને સામાન્ય પ્રકારના કેટલાક કામ માનવી પાસેથી આંચકી લેશે. ચોક્કસપણે થોડાક સમય પહેલા સુધી વાર્તામાં જ ફિલ્મોમાં જ રોબોટ અમે જોતા હતા અને સાંભળતા હતા. માત્ર કલ્પના કરવામાં આવતી હતી. હવે આ રોબોટ સાકાર રૂપ લઈ ચુક્યા છે. સ્થિતી એ છે કે રોબોટના કારણે ૨૧મી સદીમાં વૈશ્વિકરણ અને યાંત્રીકરણના દોરમાં રોબોટ સમસ્યા ઉભી કરી રહ્યા છે. દુનિયાના કેટલાક દેશોમાં રોબોટ સામાન્ય નીવન અને ઉદ્યોગ-કારોબારના મહત્વપૂર્ણ હિસ્સા તરીકે બનતા નજરે પડી રહ્યા છે. કેટલીક જગ્યાએ તો રોબોટ રેસ્ટોરન્ટમાં ભોજન બનાવવા, પિરસવા અને પ્લેટ ઉઠાવવા માટેના કામ કરી રહ્યા છે. વજન ઉઠાવીને ચાલી પણ રહ્યા છે. કેટલાક રોબોટ ઓટો ચલાવી રહ્યા છે.

સૌથી વધારે રોબોટ જાપાનમાં કામ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ સમય જાપાન સૌથી ટેકનોલોજી ધરાવતા દેશ તરીકે છે. જાપાનમાં આશરે ૩.૫૦ લાખ, અમેરિકામાં પોણા બે લાખ, ચીનમાં એક લાખથી વધારે રોબોટ છે. ભારતમાં પણ રોબોટની સંખ્યા ૧૬ હજારથી વધારે છે. રોબોટના ઉપયોગ સંબંધિત તમામ વૈશ્વિક અભ્યાસ દર્શાવે છે કે સમગ્ર દુનિયામાં રોજગાર હવે રોજગારી પર અસર કરી રહ્યા છે. આવી સ્થિતીમાં ભારતમાં પણ અસર થઈ રહી છે. ભારત સહિતના વિકાસશીલ દેશોને હવે કેટલીક નવી બાબત પર કામ કરવાની જરૂર છે. જે લોકો ટેકનોલોજીમાં પાછળ છે તે લોકોની રોજગારી જવાનુ સંકટ છે. જે લોકો કોમ્પ્યુટર શિક્ષિત નથી. તેમની રોજગારી જઈ શકે છે. આવી સ્થિતીમાં ટ્રેનિંગ, શિક્ષણ અને કુશળતા પ્રદાન કરાવીને રોજગારી જતી રહેવાના ખતરાને રોકી શકાય છે. આના પર ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની જરૂર છે. બેરોજગારીનો મુદ્દો ભારત સહિતના દેશોમાં પહેલાથી જ જટિલ બની ચુક્યો છે. માત્ર ભારતમાં જ નહી બલ્કે ફ્રાન્સ સહિતના યુરોપના દેશોમાં પણ બેરોજગારી સામે લડવા માટે તમામ દેશ મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. આવી સ્થિતીમાં રોબોટ જીવન રૂરી કામો કરવા લાગી ગયા છે. જે વધારે ચિંતાજનક બાબત છે. એકબાજુ બેરોજગારીને દુર કરવા માટે સંરક્ષણાત્મક પગલા લેવામાં આવી રહ્યા છે ત્યારે રોબોટ સમસ્યા સર્જી રહ્યા છે. હવે આવનાર સમયમાં રોબોટનો ઉપયોગ વધવામાં આવનાર છે. આવી સ્થિતીમાં યુવાનો ધીમે ધીમે જુદી જુદી કુશળતા વિકસિત કરે તે જરૂરી છે. કારણ કે રોબોટની સામે ટક્કર લેવા માટે આ બાબત ઉપયોગી રહેશે.

### ઓકી દોમાં તાવને ઉતારી દેવા માટે ૧૫ મિનિટની વોટર થેરાપી પણ હોય છે : જુદા જુદા પ્રકારના યોગ શરીરની કેટલીક તકલીફ દુર કરે છે

# ઓકી દો એક પ્રકારથી યોગ જ છે





ઓકી દો યોગના જ એક સ્વરૂપ તરીકે છે. જે જાપાનથી ભારત આવ્યા બાદ તેને લઈને પણ જાણકાર નિષ્ણાંતો અને યોગ ગુરૂમાં ચર્ચા જોવા મળી રહી છે. આનો ઉપયોગ પણ કેટલીક બિમારીમાં ફાયદાકારક સાબિત થાય છે. ઓકી દો યોગમાં તાવને ઉતારી દેવા માટે ૧૫ મિનિટની વોટર થેરોપી હોય છે. ત્રણ મુખ્ય સિદ્ધાંત એકાગ્રતા, ડીપ બ્રિથિંગ અને મુવમેન્ટ રહે છે. યોગ કરવાથી શરીર ફિટ અને હેલ્થી રહે છે. શરીરમાં તાકાત આવે છે. આત્મવિશ્વાસમાં વધારો થાય છે. ઓકી દોમાં સ્ટ્રેચેબલ યોગથી શરીર સોફ્ટ બને છે. તેના ત્રણ મુખ્ય સિદ્ધાંત રહેલા છે. જેનો ઉલ્લેખ ઉપર કરવામાં આવ્યો છે. તેને કરતી વેળા પાંચ ચીજો બોડી એન્ડ મુવમેન્ટ, માઈન્ડ હાર્ટ, ડાઈટ, બ્રિથિંગ અને શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

વોટર થેરાપીની વાત કરવામાં આવે તો આ પ્રક્રિયામાં રોગીને સીધી રીતે જમીન પર સુવડાવી દેવામાં આવે છે. ત્યારબાદ પાણીથી ભરેલા જગને દર્દીની પાસે રાખીને ઓકી દો નિષ્ણાંત બે ત્રણ ઘેરી શ્વાસ લઈને છોડે છે. ત્યારબાદ નિષ્ણાંત પોતાના ડાબા હાથને રોગીના ગરદનની પાછળ અને માથા પર રાખે છે. જમણા હાથની પાંચેય આંગળીને પાણીના જગમાં નાંખે છે. ઘેરા શ્વાસ લઈને ડબા હાથથી ભરેલા અનુભવ કરે છે. જમણા હાથની હથેળીથી સામાન્ય તાવ અને શારરિક સમસ્યાને પાણીમાં ઉતારવામાં આવે છે. ૧૫ મિનિટ સુધી આ પ્રક્રિયા કરવામાં આવે છે. ઓકી દોમાં એક ત્રિકોણાસન પણ છે. જે ઉભા થઈને કરવામાં આવે છે. આના ભાગરૂપે સૌથી પહેલા ઉભા થઈને પગ ખોલી દેવાની જરૂર હોય છે. ત્યારબાદ હાથ ફેલાવી દેવામાં આવે છે. છાંતી અને પેટ ફુલાવીને શ્વાસ અંદરની તરફ ખેંચવામાં આવે છે. મોથી શ્વાસને ધીમે ધીમે છોડીને નીચે તરફ ઝુંકવામાં આવે છે. ત્યારબાદ ડાબા હાથ જમણા પગની તરફ લઈ જવામાં આવે છે. ગરદનને ઉપરની બાજુ કરવામાં આવે છે. ત્યારબાદ ધીમે ધીમે શ્વાસ ભરીને ઉભા થવાની જરૂર હોય છે. આ પ્રકારથી આ પ્રકિયા ૩-૫ વખત કરવામાં આવે છે. આના કારણે સ્થુળતા, પેટ, કમર , ખભા અને કમર સાથે સંબંધિત બિમારીને દુર કરી શકાય છે. મહિલાઓ, હાઈ બીપી ધરાવનાર દર્દી અને હાર્ટ સાથે સંબંધિત રોગ ધરાવતા દર્દીને નિષ્ણાંતની સલાહ મુજબ ઓકી દો યોગ કરવા માટે કહેવામાં આવે છે.

ત્રિકોણાસન બેસીને પણ કરવામાં આવે છે. સૌથી પહેલા બેસીને બંને પગને બે ફુટ સુધી ખોલી દેવામાં આવે તે જરૂરી હોય છે. ત્યારબાદ શ્વાસને ધીમે ધીમે નાકથી ખેંચવા કહેવામાં આવે છે. છાતી અને પેટ ફુલાવીને મોથી શ્વાસને ધીમે ધીમે એક સાઈડ શરીરને પાછળ બાજુ લઈ જવામાં આવે છે. બે ત્રણ ઘેરા શ્વાસ લેતા રોકાઈ જવા માટે કહેવામાં આવે છે. આ પ્રક્રિયાને બીજી બાજુ પણ કરવામાં આવે તે જરૂરી છે. શ્વાસ લેવા અને છોડવા માટે કહેવામાં આવે છે. આ યોગ પાંચથી સાત વગર કરવામાં આવે તેમ નિષ્ણાંતો કહે છે. આ યોગ કરવાથી કમર, પેટ, અસ્થમાની તકલીફ દુર થાય છે. ખભાના ટ્વિસ્ટ યોગ પણ કરવામાં આવે ચે. આના માટે સૌથી પહેલા શરીરને આગળની બાજુ ઝુંકાવી દેવામાં આવે છે. ત્યારબાદ ઘુંટણને વાળીને કમરને પાછળ ધકેલી દેવામાં આવે છે. ત્યારબાદ ચહેરાને પાછળ બાજુ લઈ જવામાં આવે છે. મોથી શ્વાસ છોડીને પેટ અંદરની બાજુમાં લઈ જવામાં આવે છે. આ જ પ્રકારથી વિપરિત સાઈડમાં પણ કરવામાં આવે છે. બંને પગ પર એક સમાન ભાર હોવા જોઈએ. આ પ્રક્રિયાને ૫-૭ વખત દોહરાવી શકાય છે. આના કારમે જોડના દુખાવા, પીઠના નિચલા હિસ્સાના દુખાવાથી રાહત મળે છે. ઉપરાંત અન્ય પિડા પણ દુર થાય છે. તેજ કમરના દર્દીને તબીબોની સલાહ લીધા બાદ જ આ પ્રકારના યોગ કરવાની સલાહ નિષ્ણાંતો આપે છે. તાડાસન પણ ઉપયોગી યોગ સાબિત થાય છે. યોગને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા માન્યતા આપવામાં આવ્યા બાદ ભારતમાં યોગની લોકપ્રિયતા સતત વધી રહી છે. યોગ કરનાર લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

# હાથમાં માળા અને મન બીજે ભટકતું હોય તો તેનો શો અર્થ?

ધર્મ એટલે જીવનને સાત્ત્વિક અને આત્મિક રીતે સમૃદ્ધ બનાવવું. માણસ સરળતાથી જીવે અને કોઈને અંતરાય રૂપ ન બને તો તે ઘણા દોષમાંથી બચી જાય. હકીકતમાં તો માણસે જીવન એવી રીતે જીવવું જોઈએ કે તે ધર્મ બની જાય. જીવન એ ધર્મનું પ્રથમ પગથિયું છે. માણસ ગમે તેટલો ધાર્મિક હોય, પરંતુ તેમનું જીવન કલુષિત હોય, રાગ-દ્વેષથી ભરેલું હોય, ક્રોધ-અહંકાર, લોભ-લાલસા હોય, ધૃણા અને પૂર્વગ્રહ હોય તો એ ખરો ધર્મ નથી. માણસ જીવનમાંથી આ બધા અનિષ્ટોને દૂર કરીને, આ બધાથી પર થઈને સ્વાભાવિક પણે જીવે તો તેનું જીવન સુખમય બની જાય. હાથમાં માળા હોય, પરંતુ મન બીજે ભટકતું હોય તો તેનો શો અર્થ છે? માણસે ધર્મ તરફ પ્રયાણ કરતા પહેલા જીવનને સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ. ધર્મમાં દંભ અને દિખાવટ ચાલે નહીં. તેમાં મનની પારદર્શકતા જોઈએ. આજે માણસ દુઃખી અને વ્યથિત છે તેનું કારણ જીવનમાં સરળતા, સહજતા અને પારદર્શકતા નથી. દેખાવ વધી ગયો છે. માણસ પોતાની રીતે વિચારતો નથી અને પોતાના અંતર આત્માને અનુસરતો નથી. આજે આખું જગત ગાડરિયા પ્રવાહની જેમ ચાલે છે. સુખના મૃગજળ પાછળ માણસો દોડી રહ્યા છે. કોઈને પોતાને જોઈએ તેવું સુખ કદી સાંપડ્યું નથી. દરેક માણસને પોતાના કરતા બીજો માણસ વધું સુખી લાગે છે. જીવનમાં જે કાંઈ મળે તેનું મૂલ્ય રહેતું નથી અને જે નથી મળ્યું તેની પાછળ માણસ દોડે છે. તે મેળવવાની લાલસા



રાખે છે. આ તૃષ્ણા અને લાલસા માણસને થકવી નાખે છે. કોઈ વસ્તુ મળ્યા પછી પણ તેનો સંતોષ નથી. સુખ સરકતું રહે છે. આપણે સુખનાં એક પગથિયે પહોંચીએ ત્યારે સુખ બીજા પગથિયા પર જઈને બેસી જાય છે. આપણે સુખની સીડી પર ચડતાં રહીએ છીએ, પરંતુ આ પગથિયા કદી પૂરા થતા નથી. આ તૃષ્ણાની સીડી છે. તેનો કોઈ અંત નથી.

માણસ મોટેભાગે જીવનને સમજી શકતો નથી એટલે ધર્મને સમજવાનું મુશ્કેલ બની જાય છે. જીવન એક અમૂલ્ય અવસર છે. વરદાન છે. એક મહાન સંઘર્ષ છે. જીવન જાગૃતિ અને દિવ્ય ગીત છે. અન્યથા જીવન એક લાંબા અને ધીમા મૃત્યુ સિવાય બીજું કશું નથી. જીવનને જેવું બનાવીએ એવું બને છે. જીવનને ઘડવું પડે છે, જીતવું પડે છે. જીવન સતત સર્જન છે. આ સર્જનને આપણે રચનાત્મક બનાવવું કે ખંડનાત્મક એ આપણા હાથની વાત છે. નિયતિ સંજોગો ઊભા કરે છે. માણસે તેના પર નિર્માણ કરવાનું હોય છે. જીવનમાં આપણે જેવું કરીએ તેવું પામીએ છીએ. સારું કરીશું તો સારું પામીશું. ખરાબ કરીશું તો તેના માઠા પરિણામો ભોગવવા પડશે. સારું અને ખરાબ બધું અહીંનું અહીં જ છે. કોઈને દુઃખ આપીને, પીડા આપીને માણસ કદી સુખી થઈ શકે નહીં. માણસનાં મનમાં સંપૂર્ણ સંતોષ અને શાંતિ હોય તો તેને સુખને શોધવા માટે ક્યાંય જવાની જરૂર નથી.

જેના જીવનમાં પ્રેમ નથી તેના માટે પ્રાર્થના-ભક્તિ અસંભવ છે. પ્રાર્થનાનું, અર્ચનાનું પ્રથમ પગથિયું પ્રેમ છે. માણસને જગતના તમામ જીવો પ્રત્યે પ્રેમ અને અનુકંપા હોવી જોઈએ. જેના દિલમાં પ્રેમ છે તે બીજાને કોઈને દુઃખી કરી શકે નહીં. હિંસા કરી શકે નહીં. સર્વ પ્રત્યે પ્રેમની લાગણી હોય તો ક્રોધ અને અહંકાર ઓગળી જાય. જીવન દુઃખમય છે તેનું કારણ પ્રેમની ભાવના લુપ્ત થઈ ગઈ છે. આજે તો પ્રેમના બદલે ધૃણા અને તિરસ્કાર, કરુણાને બદલે કઠોરતા, ઉદારતાના સ્થાને કૃપણતા અને ત્યાગને બદલે રાગનું જોર વધ્યું છે. માણસ જેટલું વધુને વધુ મેળવતો જાય છે તેમ તેમ અશાંતિ અને અજંપો વધ્યો છે. સંકુચિત મનોવૃત્તિ અને સ્વાર્થનાં કારણે પારિવારિક શાંતિને પણ ખલેલ પહોંચી છે. જેના દિલમાં પ્રેમના ઝરણા વહે છે તે પ્રભુની સમીપ છે. મંદિરમાં કે દેરાસરમાં જઈએ ત્યારે તમામ ચહેરાઓને ઉતારી દેવાના હોય છે. માત્ર એક પ્રેમનો ચહેરો પ્રગટે તો પ્રભુનું સાંનિધ્ય માણી શકાય છે. રૂક્ષ બનીને, નિર્લેપ બનીને બે હાથ જોડી દેવાથી કશો ફાયદો નથી. માણસ હંમેશાં બીજા પર અધિપત્ય જમાવવાનો પ્રયાસ કરતો હોય છે.

## રાતે ઊંઘ નથી આવતી તો શું કરવું?



અનિદ્રા સાપેક્ષ તકલીફ છે. કાયમ ચારથી પાંચ કલાક સૂવા ટેવાયેલા માટે તેટલી ઊંઘ પૂરતી હોય છે. પણ છથી સાત કલાક સૂવા ટેવાયેલા માટે ચાર કલાકની ઊંઘ અપૂરતી હોઈ શકે. નવજાત શિશુ આશરે ૧૮ કલાક ઊંઘે છે. નાનાં બાળકો દિવસના બાર કલાક કે તેથી પણ વધારે ઊંઘે છે. જ્યારે વૃદ્ધોને ૨૪ કલાકમાં ૩થી ૪ કલાકની ઊંઘ પણ પૂરતી થઈ પડે છે. અનિદ્રાની તકલીફને બે પ્રકારમાં વહેંચી શકાય : (૧) ઊંઘ આવવામાં તકલીફ એટલે કે રોજિંદા ક્રમ મુજબ પથારીમાં પડ્યા પછી ઊંઘ મોડી આવવી તે. (૨) ઊંઘમાંથી વારંવાર જાગી જવું કે રોજિંદા સમય કરતાં ઘણાં વહેલાં જાગી જવું તે. કોઈ એક વ્યક્તિને આ બંને તકલીફો એકસાથે પણ હોઈ શકે. અનિદ્રા રોગ નહિ પણ રોગનું એક લક્ષણ છે. તેનાં અનેક કારણો હોઈ શકે. વર્ષ દરમિયાન વસ્તીના લગભગ ૩૦ ટકા લોકો ક્યારેક અનિદ્રાથી પીડાય છે અને તેની સારવાર લે છે. અનિદ્રાના લગભગ અડધા કિસ્સાઓમાં માનસિક પરિબળો ભાગ ભજવે છે. આ પરિબળોમાં ચિંતા, માનસિક તનાવ, ઊંઘવાનો અકારણ ભય, ખિન્નતા વગેરેનો સમાવેશ થાય છે. ઊંઘવાની સામાન્ય પરિસ્થિતિમાં ફેરફાર, કામના સમયમાં વારંવાર થતો ફેરફાર, લાંબા અંતરની અને જુદા જુદા સમયખંડોમાં મુસાફરી પણ અનિદ્રાના કારણરૂપે હોઈ શકે. પીડાજનક શારીરિક બીમારીમાં અનિદ્રા સામાન્ય તકલીફ હોય છે. કોફી, આલ્કોહોલ, ગર્ભનિરોધક ગોળીઓ, કેટલીક દવાઓ અને અંતઃસ્ત્રાવો લેવાથી પણ અનિદ્રા થાય છે. કેટલીક નશાકારક દવાઓ અને પદાર્થો લાંબો સમય લીધા પછી અચાનક લેવાનાં બંધ કરવામાં આવે ત્યારે પણ અનિદ્રાની તકલીફ થાય છે. અનિદ્રાનાં બહુ ઓછાં જોવાં મળતાં કારણોમાં થાઈરોઈડ અને મજ્જાસેતુ અને અધશ્ર્વેતક એટલે કે હાઈપોથેલેમસના રોગોનો સમાવેશ થાય છે. અનિદ્રાની તકલીફ જેમાં મુખ્ય હોય તેવી શારીરિક બીમારીમાં નિદ્રા દરમ્યાન શ્ર્વાસ અટકી જવો.

## ખુશહાલ જીવનની ચાવી છે હાસ્ય



‘જેમ સબરસ (મીઠું) વિનાનું ભોજન ફીકું હોય છે, તેમ હાસ્ય વિનાનું જીવન પણ ફિકું હોય છે.’ આ વાત એકદમ સાચી છે. સાહિત્યમાં વર્ણવેલા નવ રસમાં પણ એક રસ હાસ્યનો છે. હાસ્ય જીવનની એક એવી મૂડી છે, જે હસનારને તો સ્વસ્થ રાખે જ છે, સાથે તેમની આસપાસના લોકોને પણ ખુશ અને સકારાત્મક રાખે છે. હાસ્યની ઊર્જાનો જ કમાલ છે કે કલાકો સુધી હાસ્ય કાર્યક્રમ જોયા પછી પણ કોઈ થાકતું કે કંટાળતું નથી. પણ સવાલ એ છે કે જીવનમાં હાસ્યનું આટલું મહત્ત્વ સિદ્ધ થયું છે તો પછી કોઈ હાસ્યનો આનંદ કેમ નથી લેતું? કેમકે દરેક પાસે હસવા માટે જોઈતું વાતાવરણ નથી હોતું અને અનુકૂળ વાતાવરણ કે કારણ વગર હસવું કદાપિ સંભવ નથી.

હસવા માટે જરૂરી છે કે આપણી આસપાસ ખુશહાલ વાતાવરણ હોય અને આ વાતાવરણ ત્યારેજ સંભવ છે જયારે આપણી આસપાસ એવા મિત્ર કે સહકર્મી હોય જે એવું વાતાવરણ બનાવે અને મોઢા ઉપર હાસ્ય આવી જાય. કદાચ હાસ્યની આ મુશ્કેલીને ધ્યાનમાં રાખીને વિશ્ર્વ હાસ્ય દિવસના પ્રણેતા અને હાસ્ય યોગ આંદોલનના સ્થાપક ડૉ. મદન કટારીયાએ પહેલીવાર ૧૧ જાન્યુઆરી ૧૯૯૮ માં દેશની આર્થિક રાજધાની મુંબઈમાં વિશ્ર્વ હાસ્ય દિવસ ઉજવવાની શરૂઆત કરી. એનો હેતુ હસવાની એવી વ્યવસ્થાની શોધ કરવાની હતી જ્યાં સૌ કોઈ હસી શકે. તેથી લોકો કોઈ સાર્વજનિક સ્થાન ઉપર ભેગા થતા અને સામુહિક રૂપે હસવાનો અભ્યાસ કરતા. ધીરે ધીરે લોકોને સામૂહિક રૂપથી હસવાની આ કળા ગમવા લાગી અને જોતજોતામાં ફક્ત મુંબઈ જ નહીં પણ આખા દેશમાં અને પછી દુનિયામાં લોકપ્રિય થઈ. ત્યારે દર વર્ષે મે મહિનાના પહેલા રવિવારે વિશ્ર્વ હાસ્ય દિવસ તરીકે ઉજવવાનું નક્કી થયું. સાથે મળીને હસવાની આ કળાને હાસ્યયોગ એવું નામ આપવામાં આવ્યું. આજે દુનિયાભરમાં હજારોની સંખ્યામાં આવા લાફિંગ ક્લબ છે જ્યાં લોકો સ્વસ્થ અને આનંદિત રહેવા માટે પ્રાયોજિત રીતે હસે છે. પાછલી સદીના છેલ્લા વર્ષોમાં ચાલુ થયેલ આ હાસ્ય આંદોલન એ રીતે વિશ્ર્વવ્યાપી થયું કે આજની તારીખમાં દુનિયામાં હઠયોગ પછી સૌથી લોકપ્રિય હાસ્યયોગ છે. આજે દુનિયામાં અંદાજે ૬૮૨૨ થી પણ વધારે હાસ્ય ક્લબ છે જ્યાં લોકો ભેગા થઈને સમૂહમાં હસે છે, કેમકે એ લોકો જાણે છે કે હાસ્ય જ જીવન છે, હાસ્ય જ ખુશહાલ જીવનની ચાવી છે.

## શરીરથી મનની મિત્રતા એટલે કે સંમોહન ધ્યાન

સંમોહન ધ્યાનમાં જયારે આપણે કોઈ વિશેષ સમસ્યા પર સચેત થઈને કામ કરીએ છીએ ત્યારે આપણા જ શરીર સાથે સંવાદ કરીએ છીએ. જાણે કોઈ અદૃશ્ય શક્તિ આપણને પૂછે છે કે “હું તમારી શું મદદ કરી શકું? આવા દરેક સવાલ અને તેના જવાબ આપણને સંમોહન ધ્યાનમાં મળે છે. ક્યારેક ક્યારેક આપણા સવાલોના જવાબ પછીથી મળે છે. હકીકતમાં આ ધ્યાન માર્ગનો ઉદ્દેશ્ય લોકોને વિશ્રાંતિમાં લઈ જવાનો છે. એમની આંતરિક પ્રક્રિયામાં એમનો વિશ્ર્વાસ જગાડવાનો છે. કેટલાક લોકો આ ધ્યાન



વડે અંદરનો અવાજ સાંભળવાની અપેક્ષા રાખે છે, જેથી એમને ખબર પડે કે ખરેખર શું કરવું છે? કેટલાક લોકો માટે આ ખૂબ જ સૂક્ષ્મ અને અદભુત પ્રક્રિયા હોય છે. એમને કોઈ સંદેશ મળવાની માહિતી પણ ન હોય, છતાં પણ એમના વ્યવહારમાં પરિવર્તન આવવા લાગે છે. એવા લોકો કોઈ દિવસ સિગારેટ પીતા પીતા અચાનક અનુભવે છે કે એનાથી એમને ઘૃણા થઈ રહી છે. કેટલાક દિવસો અથવા અઠવાડિયાઓ સુધી ધૂમ્રપાન કર્યા પછી એમને અચાનક થાય છે કે બહુ થયું, બસ હવે નહીં, અને એક ઝાટકે ધૂમ્રપાન છોડી દે છે. હકીકતમાં આ સંમોહન ધ્યાનમાં લોકો સ્વયં સાથે મિત્રતા કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો આ શરીર અને મનની મિત્રતા છે. આ મિત્રતા એકવાર શરૂ થાય પછી જીવનભર રહે છે.

BOLLYWOOD NEWS FLASH

**હાલમાં ફિલ્મ સત્યપ્રેમ કી કથાના પ્રમોશન માટે રાજસ્થાનના જયપુર ગઈ હતી ત્યાંથી તેની તસવીરો સામે આવી હતી**



## કિયારા અડવાણીની પ્રેગ્નેન્સીની ખબરો વહેતી થઈ

। મુંબઈ, તા.૨૭ ।

બોલિવુડ ઈન્ડસ્ટ્રીની દુનિયામાં લગ્ન થયા બાદ તરત જ એક્ટ્રેસિસની પ્રેગ્નેન્સીની ખબરો વહેતી થવી તેમાં કોઈ નવી વાત નથી. અગાઉ કેટરીના કૈફ અથવા નેહા કક્કડ સાથે આમ થઈ ચૂક્યું છે અને આ વાત અફવા સાબિત થઈ છે. હવે આ લિસ્ટમાં વધુ એકનું નામ ઉમેરાયું છે અને તે છે કિયારા અડવાણી. વાત એમ છે કે, હાલ તે કાર્તિક આર્યન સાથે આગામી ફિલ્મ ‘સત્યપ્રેમ કી કથા’ના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ માટે તે અલગ-અલગ શહેરની મુલાકાત લઈ રહી છે અને એરપોર્ટ પર સ્પોટ થઈ રહી છે. એક દિવસ પહેલા જ તે રાજસ્થાન ગઈ હતી અને ત્યાંથી તેના કેટલાક વીડિયો અને તસવીરો વાયરલ થયા હતા. જે જોઈને લોકોએ તે પ્રેગ્નેન્ટ હોવાની અટકળો શરૂ કરી હતી. રાજસ્થાનના જયપુરમાં ફિલ્મના પ્રમોશન દરમિયાન કિયારા અડવાણીએ રેડ કલરના બ્રાલેટની સાથે મિરર વર્ક કરેલું જેકેટ અને પ્રિન્ટેડ પ્લાઝો પેન્ટ પહેર્યું હતું, તો બીજી તરફ કાર્તિક આર્યને તેની સાથે ટ્વિનિંગ કરતાં વ્હાઈટ ટીશર્ટ અને રેડ જેકેટની સાથે ડેનિમ પહેર્યું હતું. આ તસવીર જોઈ તરત જ એક યૂઝરે કોમેન્ટ કરતાં પૂછ્યું હતું કે ‘કિયારા પ્રેગ્નેન્ટ છે કે શું?’, એક યૂઝરે લખ્યું હતું ‘અમે તેનો બેબી બમ્પ જોઈ શકીએ છીએ’, એક યૂઝરે કોમેન્ટ કરી હતી ‘જયપુરમાં પોતાનો બેબી બમ્પ કવર કરી રહી છે’. કેટલાક યૂઝર્સે રોમેન્ટિક ફોટોની મજાક ઉડાવતા કાર્તિક માટે લખ્યું હતું કે ‘આ કોઈ દિવસ સિદ્ધાર્થ મલ્હોત્રાના હાથનો માર ખાશે’. બીજી તરફ કિયારાના ફેન્સને તેનો આ લૂક પસંદ આવ્યો હતો. અને હાર્ટ તેમજ ફાયર ઈમોજી ડ્રોપ કર્યા હતા. જણાવી દઈએ કે, કિયારા અડવાણીએ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે ૭ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ લગ્ન કર્યા હતા.

**સીરિયલ નવ્યાથી પોપ્યુલ થયેલી સૌમ્યા સેઠ ન માત્ર ફરીથી પ્રેમમાં પડી પરંતુ લગ્ન પણ કરી લીધા**

## રામ ચરણે દીકરીનું નામ જણાવતા શેર કરી તસવીર

। મુંબઈ, તા.૧ ।

આખરે રામ ચરણ અને ઉપસનાની દીકરીનું નામ જાહેર થઈ ગયું છે. દાદા ચિરંજીવીએ ટ્વિટર પર ફેન્સને પોતાની લાડલી પૌત્રીનું નામ જણાવ્યું. પેરંતુ ફેન્સએ રામ ચરણની ફિલ્મ ’આરઆરઆર’ની સાથે તેનું કનેક્શન શોધી લીધું. ઉપસનાએ ૨૦ જૂને એક ક્યુટ બાળકીને જન્મ આપ્યો હતો. કપલે ૩૦ જૂને હૈદરાબાદમાં દીકરીના નામકરણની સેરેમની રાખી હતી. રામ ચરણ અને ઉપાસનાએ નામકરણની વિધિની તસવીરો શેર કરી અને જણાવ્યું કે, તેમની દીકરીનું નામ હિંદુ ટેક્સ્ટ લલિતા સહસ્ત્રનામથી ઈન્સ્પાયર્ડ છે. દાદા Chiranjeeviએ પણ નામકરણ સેરેમનીની તસવીરો શેર કરી, જેમાં ન્યૂ બોર્ન બેબીના દાદા-દાદી અને નાના-નાની નજરે પડી રહ્યા છે. બાળકી કપડાંના બનેલા હિંચકામાં ઝૂલી રહી છે. બધા લોકો ઘણા જ ખુશ જોવા મળી રહ્યા છે. ચિરંજીવીએ ટ્વિટર પર લખ્યું કે, બેબીનું નામ ક્લિન કારા કોનિડેલા છે. આ નામને



લલિતા સહસ્ત્રનામમાંથી લેવાયું છે. તેનો અર્થ શુદ્ધ કરાનારી અને પરિવર્તનકારી ઊર્જા થાય છે, જે એક આધ્યાત્મિક જાગૃતિ લાવે છે. અમને બધાને વિશ્વાસ છે કે, આ નાનકડી પરી જ્યારે મોટી થશે, તો તે બધી ખૂબી તેની પર્સનાલિટીમાં સામેલ હશે. Upasanaએ પણ નામકરણની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે અને દીકરીના નામનો અર્થ જણાવતા, લાડલીના દાદા-દાદી અને નાના-નાનીને અભિનંદન આપ્યા છે. Ram Charan અને ઉપાસનાની દીકરી પર ફેન્સ ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે.

**રવીના ટંડનની પુત્રી રાશા થડાની હવે અજય દેવગનના ભત્રીજા અમન દેવગન સાથે બોલિવૂડમાં ડેબ્યૂ કરવા માટે તૈયાર છે**

## અજય દેવગન સ્ટારર ફિલ્મથી ડેબ્યુ કરશે રવીનાની દીકરી રશા

। મુંબઈ, તા.૧ ।

એક્ટ્રેસ રવીના ટંડનની પુત્રી રાશાનું બોલિવૂડ ડેબ્યૂ છેલ્લા ઘણાં સમયથી ચર્ચામાં છે. તાજેતરમાં એવા અહેવાલો આવ્યા હતા કે રાશા થડાની ટૂંક સમયમાં ડિરેક્ટર અભિષેક કપૂરની ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યૂ કરી શકે છે. રાશા થડાની પણ થોડા અઠવાડિયા પહેલા ડિરેક્ટર અભિષેક કપૂર સાથે લંચ કરતી જોવા મળી હતી. બાદમાં તે ડાયરેક્ટરની ઓફિસમાંથી બહાર નીકળતી પણ જોવા મળી હતી. હવે એ વાત કન્ફર્મ થઈ ગઈ છે કે રાશા થડાની ડિરેક્ટર અભિષેક કપૂરની ફિલ્મથી ડેબ્યૂ કરશે. અજય દેવગનનો ભત્રીજો અમન દેવગન પણ આ ફિલ્મથી ડેબ્યૂ કરશે. રાશા થડાનીની ડેબ્યુ ફિલ્મની જાહેરાત કરવામાં આવી છે. આ એક એક્શન-એડવેન્ચર ફિલ્મ છે, જેનું શૂટિંગ ટૂંક સમયમાં શરૂ થશે. જો કે ફિલ્મનું નામ હજુ જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ રિલીઝ ડેટ આવી ગઈ છે. તે ૯ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં



આવશે. આ ફિલ્મમાં અજય દેવગન પણ જોવા મળશે. અહીં નોંધનીય છે કે બોલિવૂડ અભિનેતા અજય દેવગન હાલ પોતાની ૨ ફિલ્મો ’સિંઘમ અગેઈન’ અને ’મેદાન’ને લઈને ચર્ચામાં છે. ટૂંક સમયમાં અભિનેતા ફિલ્મ સિંઘમ અગેઈનનું શૂટિંગ શરૂ કરશે જ્યારે આગામી દિવસોમાં તેની ફિલ્મ મેદાન રિલીઝ થવા જઈ રહી છે. ત્યારે હવે અભિનેતાની વધુ એક ફિલ્મને લઈને માહિતી મળી રહી છે. અજય દેવગન આગામી સમયમાં ડિરેક્ટર અભિષેક કપૂરની અનટાઈટલ્ડ ફિલ્મમાં જોવા મળવાનો છે.

## વારંવાર ઝઘડો થતો હોવાથી દેબિનાએ મમ્મીને ઘરે મોકલી દીધા

**છેલ્લા ઘણા મહિનાઓથી દેબિના બેનર્જીના મમ્મી તેની સાથે રહેતા હતા અને તેની બંને દીકરીઓનું ધ્યાન રાખતા હતા**

। મુંબઈ, તા.૧ ।

દેબિના બેનર્જી માટે ૨૦૨૨નું વર્ષ પર્સનલ લાઈફની દ્રષ્ટિએ ખૂબ જ વ્યસ્ત રહ્યું. લગ્નના ૧૦ વર્ષ બાદ ૩ એપ્રિલ ૨૦૨૨ના રોજ તેના ઘરે દીકરી લિયાનાનો જન્મ થયો હતો, જે એક વર્ષની થઈ ગઈ છે તો તેના બે મહિના બાદ એક્ટ્રેસ ફરીથી પ્રેગ્નેન્ટ થઈ હતી અને ૧૧ નવેમ્બર ૨૦૨૨એ તેની દીકરી દિવિષા જન્મી હતી. આ દરમિયાન સતત કોઈ તેનું સાથે રહ્યું હોય તો તે હતો પતિ ગુરમીત ચૌધરી અને મમ્મી. દેબિનાના મમ્મી બંને દોહિત્રીઓનું ખૂબ ધ્યાન રાખતા હતા અને જ્યારે પરિવાર નવા ઘરમાં શિફ્ટ થયો ત્યારે પણ ઘણી મદદ કરી હતી. પરંતુ હવે તેણે તેના મમ્મીને પોતાના ઘરે પરત મોકલી દીધા છે. શું પોતાની ગરજ પૂરી થઈ ગઈ એટલે એક્ટ્રેસે આમ કર્યું કે પછી આ પાછળનું કારણ કંઈક અલગ જ છે? દેબિનાએ તેના લેટેસ્ટ વ્લોગમાં આ વિશે વાત કરી હતી. યૂટ્યૂબ પર પોતાની ચેનલ ધરાવતી દેબિના બેનર્જીએ જણાવ્યું હતું કે ’કામ, ઘર અને કૂકિંગની વચ્ચે મેં એક ખૂબ સારું કામ કર્યું છે. મેં મારા મમ્મીને તેમના ઘરે મોકલી દીધા છે. તમે જોતા હતા ને કે હું તેમની સાથે કેટલું ઝઘડતી હતી. તેથી, મેં મોકલી દીધા. હમણા અમે ડોક્ટર પાસે ગયા તો તેમણે લિયાનાને હવે ગ્લાસમાં દૂધ આપવાનું શરૂ કરવું જોઈએ તેમ કહ્યું હતું. બાળક ગ્લાસથી દૂધ પીવે તો ઓછું પી શકે છે. દૂધમાંથી કોઈ ન્યૂટ્રિશન મળતા નથી, તેમાં માત્ર કેલ્શિયમ મળે છે અને કેલ્શિયમ મેળવવા માટે બીજા ઘણા રીત છે. બાળકો વધારે દૂધ પીવે તો પેટ ભરેલું રહેશે અને તેઓ કંઈ જ જ નહીં ખાઈ શકે. આ કોન્સેપ્ટ હું તેમને સમજાવવા માગતી હતી પણ તેઓ સમજ્યા નથી અને એમા ઝઘડો થઈ ગયો. દેબિના બેનર્જીએ આ સાથે જણાવ્યું હતું કે, તેણે પોતાની ફિટનેસ પર કામ કરવાનું શરૂ કરી દીધું છે અને ૨૫ દિવસની ટ્રાન્સફોર્મેશન ચેલેન્જ લીધી છે. ’ગુરમીતને મેં મને મોટિવેટ કરવા માટે કહ્યું છે. ગુરમીત મને ચાલવા માટે ૪ વાગ્યે જગાડે છે. મેં મારી ૨૫ દિવસની ટ્રાન્સફોર્મેશન જર્ની શરૂ કરી દીધી છે. હું શોર્ટ ટર્મ ગોલ્સ રાખવા માગુ છું, જેથી સારી રીતે અચીવ કરી શકું. દેબિનાએ તેની મોટી દીકરી લિયાનાને પ્લે સ્કૂલમાં મૂકી દીધી છે અને આ માટે તે ટ્રોલ પણ થઈ હતી. વ્લોગમાં તેણે આ વિશે પણ જવાબ આપ્યો હતો. તેણે કહ્યું હતું કે ’મારો આખો દિવસ વ્યસ્ત રહે છે, મારે લિયાનાને પણ પ્લે સ્કૂમલાં મૂકવાની હોય છે. કેટલાક લોકો કહી રહ્યા છે કે, મેં કેવી રીતે તેને આટલા વહેલા મૂકી દીધી. પણ તેની સ્કૂલ ૧૫ મિનિટની જ હોય છે. તેનાથી વધારે સમય તો તે બિલ્ડિંગના ગાર્ડનમાં રમવા માટે જાય છે.



ફોટો : ભરતકુમાર પંડ્યા, સંતરામપુર

મહીસાગર જિલ્લામાં આવેલા કડાણા તાલુકામાં લીમપુર ગામે હરસિદ્ધેશ્વર મહાદેવ મંદિરે જયાપાર્વતી વ્રતની શરુ થતાં બહેનો દ્વારા પોતાની મનોકામના સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે તીખા અને લૂણવાળા પદાર્થોનો ત્યાગ કરી ઉપવાસી રહી મંદિરે દરરોજ ગણેશજી, મહાદેવજી તથા માતા પાર્વતીજીની પૂજા-અર્ચના ભરતભાઈ પંડ્યા દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચારથી કરવામાં આવે છે ત્યાર બાદ જયા પાર્વતીજીની વાર્તા સાંભળી ભાવુક રહે છે. અષાઢ વડ બીજના દિવસે મોળાકત વ્રતનું જાગરણ કરી ભક્તિભાવ પૂર્વક બીજા દિવસે પારણાં કરી વ્રત સમાપ્ત કરે છે.

# બકરી ઈદ નિમિત્તે BSF ગુજરાતે પાકિસ્તાની રેન્જર્સ અને મરીનના જવાનો સાથે મીઠાઈની આપ-લે કરી

## બંને દેશોના મુખ્ય તહેવારો અને પ્રસંગોએ સદભાવના, સૌહાર્દ અને ભાઈચારો વધારવા માટે અચૂક થાય છે મીઠાઈની આપ-લે

। મહંમદ રફીક શેખ (રાજુ) ડીસા, તા.૧ ।

ઈદ ઉલ અઝહા (બકરી ઈદ)ના અવસરે, BSFએ ગુજરાત રાજ્ય અને રાજસ્થાનના બાડમેર જિલ્લામાં ભારત- પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાન રેન્જર્સ અને પાકિસ્તાન મરીનના જવાનો સાથે મીઠાઈની આપ-લે કરી હતી. ગુજરાતના કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં પણ આ પરંપરાનું પાલન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, બકરી ઈદ એ મોટા ઈસ્લામિક તહેવારો પૈકી એક છે અને ભારતભરના મુસ્લિમો તેની ઉજવણી કરતા હોય છે ત્યારે સરહદ પર પણ દેશના દરેક તહેવારની જેમ આ તહેવાર નિમિતે પણ ભારતીય સુરક્ષા દળના જવાનોએ સૌજન્ય દાખવ્યું હતું. ગુજરાતમાં સિરક્રીક અને જી પિલર લાઈન પર તદઉપરાંત રાજસ્થાનના બાડમેર જિલ્લાના મુનાબાઓ, ગદરા, વર્ણહાર, કેલનોર



અને સોમરાર ખાતે આંતરરાષ્ટ્રીય સરહદો પર પાકિસ્તાની રેંજર્સ અને મરીન્સના જવાનો સાથે મીઠાઈની આપ-લે કરી હતી. મ્જીહ્ર અને પાકિસ્તાની રેન્જર્સે એકબીજાને શુભેચ્છા પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે બંને દેશોના મુખ્ય તહેવારો અને પ્રસંગોએ સદભાવના, સૌહાર્દ અને ભાઈચારો વધારવા માટે મીઠાઈની આપ-લે અચૂક કરવામાં આવે છે.

### રાજ્યમાં રૂ.૪૭.૯૭ કરોડના ખર્ચે

# નવા ૬૮ પશુ દવાખાના-પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોનું નિર્માણ અને પાંચનું થશે નવીનીકરણ : રાઘવજીભાઈ પટેલ

। ગાંધીનગર, તા.૧ ।

પશુપાલન વ્યવસાય થકી રાજ્યના નાગરીકો સ્વનિર્ભર બને તે માટે રાજ્ય સરકારે અનેકવિધ સહાયલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. આ સહાયલક્ષી યોજનાઓ ઉપરાંત તેમના મહામૂલા પશુધનને રસીકરણ-ખસીકરણ, કૃત્રિમ બીજદાન, વાઢકપ સહિતની વિવિધ સારવાર પણ રાજ્ય સરકારે પૂરી પાડવા માટે પ્રતિબદ્ધતા દાખવી છે. પશુ સારવારલક્ષી સુવિધાઓમાં વધારો કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કરવામાં આવ્યા છે.

પશુપાલકોના હિતમાં લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા મંત્રી શ્રી રાઘવજીભાઈ



પટેલે જણાવ્યું હતું કે, કોઈપણ પશુપાલકની મૂડી તેનું બહુમૂલ્ય પશુધન હોય છે, અને તેમના આ પશુધનને ઉચ્ચ ગુણવત્તાયક્ત અને અદ્યતન આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે. રાજ્યમાં પશુ સારવાર સંબંધિત માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત કરવા માટે ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૪૭.૯૭ કરોડના ખર્ચે રાજ્યની ૨૧ જિલ્લા પંચાયતો હેઠળ અદ્યતન સુવિધા સાથેના પશુ દવાખાના અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોના ૬૮ નવીન બાંધકામ અને જરૂરી મરામતના ૫ કામો રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

મંત્રી શ્રી પટેલે વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે, રાજ્યની પશુ રોગ નિદાન લેબોરેટરીમાં વધુ અસરકારક પશુ રોગ નિદાનની સેવાઓ મળી રહે તેમજ જિલ્લા કક્ષાની રેફરલ હોસ્પીટલ-વેટરીનરી પોલીક્લીનીકમાં સચોટ સારવાર સેવાઓ ઉપલબ્ધ કરાવવીએ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. આ પ્રકારની ઉત્તમ સુવિધા માટે રાજ્યની ૭ પશુ રોગ નિદાન લેબોરેટરી અને ૧૦ વેટરીનરી પોલીક્લીનીકને વિશિષ્ટ અને આધુનિક ઉપકરણો-સાધનોથી સુસજ્જ કરવા માટે પણ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા એક કરોડની મંજૂરી આપવામાં આવી છે.

# માહિતી ખાતાની ૩૯ વર્ષની સેવાઓ બાદ સંયુક્ત માહિતી નિયામક જી.એફ.પાંડોર વયનિવૃત્ત

## નાયબ માહિતી નિયામક આઈ.એમ. ઠાકોર, સહાયક માહિતી નિયામક લીતીબેન અને એમ.એન. રાઠોડ પણ વય નિવૃત્ત







। ગાંધીનગર, તા.૧ ।

માહિતી ખાતામાં ૩૯ વર્ષની લાંબી સેવાઓ બાદ ગાંધીનગર ખાતેથી સંયુકત માહિતી નિયામક શ્રી જી.એફ. પાંડોર, નાયબ માહિતી નિયામક શ્રી આઈ.એમ. ઠાકોર, સહાયક માહિતી નિયામક શ્રીમતી લીતીબેન અને શ્રી રાઠોડ આજે વયનિવૃત્ત થતાં તેમને માહિતી પરિવાર દ્વારા ભાવભરી વિદાય આપવામાં આવી હતી.

માહિતી પરિવારના મોભી અને માર્ગદર્શક એવા માહિતી નિયામક શ્રી ધીરજભાઈ પારેખે નિવૃત્ત થતા અધિકારીઓને શુભેચ્છા પાઠવતાં કહ્યું કે, સરકારી સેવામાંથી નિવૃત્ત થવું એક ફરજનો ભાગ છે. આગળનું જીવન તેમનું પરિવાર સાથે સુખમય અને નિરોગી નિવડે તેવી શુભેચ્છા આપી હતી. તેમણે કહ્યું કે, ખાતામાં અનુભવી માણસો વયનિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે શ્રી પાંડોરભાઈની સેવાઓની માહિતી પરિવારને ચોક્કસ ખોટ પડશે. તેમણે પાંડોર સાહેબની ઓછુ બોલવું અને આઉટ પુટ વધારે આપવું એ સેવાઓને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા. સાથે સાથે શ્રીમતી લીતીબેન અને રાઠોડભાઈની સેવાઓને બિરદાવીને પણ બંનેનું આગામી જીવન સુખમય નિરોગી રહે તેવી શુભેચ્છાઓ આપી હતી.આ ઉપરાંત તેમણે માહિતી ખાતાની જિલ્લા કચેરીઓમાંથી નિવૃત્ત થતા ૧૯ જેટલા કર્મચારીઓને પણ શુભકામનાઓ પાઠવી હતી.

માન.રાજયપાલશ્રીના પ્રેસ સચિવ અને સંયુકત માહિતી નિયામક શ્રી હિરેનભાઈ ભટ્ટે નિવૃત્ત થતા તમામ અધિકારીઓને શુભેચ્છાઓ પાઠવીને તેમના સંસ્મરણો તાજા કર્યા હતા અને એમનું નિવૃત્તિ જીવન નિરોગીમય રહે એવી શુભ કામનાઓ આપી હતી. નિવૃત નાયબ માહિતી નિયામક શ્રી પંકજભાઈ મોદીએ વિદાય પણ નિવૃત્ત થતા અધિકારીઓને શુભેચ્છા પાઠવી હતી.

આ વેળા એ માહિતી ખાતામાંથી નિવૃત્ત થનાર સૌ કર્મીઓને તેમના નિવૃત્તિના મળવા પાત્ર તમામ લાભોના આદેશો નિવૃત્તિના દિવસે જ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે માહિતી નિયામક કચેરી ગાંધીનગરની વિવિધ શાખાના ઉચ્ચ અધિકારીઓએ પણ નિવૃત્ત થતા તમામ અધિકારીઓનું નિવૃત્તિ જીવન નિરોગીમય રહે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં રાજ્યની મહાનગરપાલિકાઓની સમીક્ષા બેઠક

। ગાંધીનગર, તા.૧ ।

રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે રાજ્યની મહાનગરપાલિકાઓમા આરોગ્ય સેવાઓને લગતી સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ એ ગાંધીનગર ખાતે વર્ચ્યુઅલ બેઠક યોજીને રાજ્યની ૮ મહાનગર પાલિકાના કમિશનરશ્રી સાથે આરોગ્યલક્ષી મહત્વના મુદ્દાઓ પર સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી. આ બેઠકમાં આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલે મહાનગરપાલિકાઓમાં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ,ઁઉઁઝમાં જરૂરી માનવસંસાધનની પૂર્તિ કરવાનો એકશન પ્લાન સત્વરે તૈયાર કરીને જરુરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

વધુમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ, રોગચાળા નિયંત્રણ, ૧૦૮ ની સેવાઓ, કુપોષણ, બાળ મૃત્યુદર માતા મૃત્યુદરમાં ઘટાડો જેવા વિષયો પર પણ વિગતવાર ચર્ચા - વિચારણા હાથ ધરાઈ હતી. રાજ્યના શહેરી વિસ્તારમાં વાહક જન્ય રોગોનું પ્રમાણ ઘટાડવા પગલા લેવા, ટેલી કન્સલટેશનો વ્યાપ વધારવા, પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાનને વેગવંતુ બનાવીને ટીબીને જળમૂળમાંથી નાથવાની દિશામાં સઘન પ્રયાસો હાથ ધરવા માટે મંત્રીશ્રીએ આ બેઠકમાં અનુરોધ કર્યો હતો.



ફોટો : બંટી ચૌહાણ, અમદાવાદ





૧ જુલાઈના રોજ શહીદ દિન નિમિત્તે વસંત રજબ સ્મારક ખાતે પ્રતિમાને ફુલહાર અર્પણ કરાયા. કોમી એકતાની અનેરી મિસાલ સમાન વસંત રજબના શહીદ દિન નિમિત્તે અમદાવાદમાં જમાલપુર સ્થિત વસંત રજબ સ્મારક ચોક ખાતે શહીદ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સામાજીક કાર્યકરો બુરહાનુદ્દીન કાદરી, જાવેદ સાકીવાલા, સુરેશ ચૌહાણ, બંટી ચૌહાણ, ઐયુબભાઈ ઈસ્ત્રીવાળા સહિતના આગેવાનોએ સ્મારક ખાતે ઉપસ્થિત રહી વસંત રજબની પ્રતિમાને ફૂલહાર અર્પણ કર્યા હતા.

# ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના ઓપરેટરની મુલાકાત લઈ આધાર કાર્ડ જમા કરાવી અપડેટ કરાવી શકાશે

। અમદાવાદ, તા.૧ ।

ગુજરાત સરકારના કમિશનર મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના કાર્યરત છે. ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ આધાર બેઈઝડ માસિક સહાય ચુકવવાની કામગીરી કાર્યરત હોવાથી ગંગા સ્વરૂપા યોજનાના લાભાર્થીને જે ખાતા (બેંક/પોસ્ટ)માં માસિક સહાય મેળવવાની હોય તો તે ખાતા સાથે આધાર કાર્ડ લિંક કરાવવા જેથી તે બેંક/પોસ્ટ ખાતામાં સહાય જમા થઈ શકે.

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનામાં આધારકાર્ડ લિંક ન હોય તેવી ગંગા સ્વરૂપા બહેનોના આધારકાર્ડ લિંક થાય તે માટે જિલ્લા કક્ષાએથી આધારલિંકની કાર્યવાહી કાર્યરત કરવામાં આવેલ છે. અમદાવાદ જિલ્લાના તમામ

તાલુકા કક્ષાએ આધાર કાર્ડ અપડેટ કરાવવાના બાકી હોય તેવા તમામ લાભાર્થીઓએ તેમના તાલુકાના મામલતદારશ્રીની કચેરીએ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના ઓપરેટરની મુલાકાત લઈ આધારકાર્ડ જમા કરાવી અપડેટ કરાવવાના રહેશે. જે તે તાલુકાના લાભાર્થીઓ તથા અન્ય વ્યક્તિઓ જેમને યોજના અંતર્ગત મૂંઝવતા પ્રશ્નો હોય તેવા તમામ લોકો માટે મામલતદાર કચેરી તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, બ્લોકનં.૧, પોલિટેકનીક કેમ્પસ, આંબાવાડી, અમદાવાદ ખાતે સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકાશે. સંપર્ક માટેનો ફોન નંબર નીચે મુજબ છે.

ફોન નંબરઃ ૦૭૯-૨૬૩૦૯૦૪૨

યોજનાના લાભાર્થીઓ આધારકાર્ડ અને બેંક/પોસ્ટ ખાતાની પાસબુકની નકલ અત્રેની કચેરીના વોટ્સેપ નંબર ૯૪૨૭૬૩૩૬૧૩ ઉપર પણ મોકલાવી શકાશે જેથી લાભાર્થીનું આધાર લિંક કરી શકાય અને ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાની રકમ લાભાર્થીના બચત ખાતમાં સીધી જમા થઈ શકે.

# અસારવા-ડુંગરપુર ડેમુ સ્પેશિયલ ટ્રેનને ચિત્તોડગઢ સુધી લંબાવાઈ

। અમદાવાદ, તા.૧ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર ૦૯૫૪૩/૦૯૫૪૪ (૭૯૪૦૩/૭૯૪૦૪) અસારવા - ડુંગરપુર - અસારવા ડેમુ સ્પેશિયલ ટ્રેનને ૨ જુલાઈ ૨૦૨૩ થી ચિત્તોડગઢ સુધી લંબાવવામાં આવી રહી છેઃ અમદાવાદના મંડળ રેલ પ્રવક્તાના જણાવ્યા અનુસાર લંબાવવામાં આવેલ આ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ

ટ્રેન નંબર ૦૯૫૪૩ અસારવા - ચિત્તોડગઢ ડેમુ સ્પેશિયલ અસારવાથી ૦૨ જુલાઈ ૨૦૨૩ થી દરરોજ ૧૦:૦૫ કલાકે ઉપડશે અને ૨૦:૦૫ કલાકે ચિત્તોડગઢ પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૫૪૪ ચિત્તોડગઢ - અસારવા ડેમુ સ્પેશિયલ ૦૨ જુલાઈ, ૨૦૨૩ થી દરરોજ ચિત્તોડગઢથી ૦૯:૧૫ કલાકે ઉપડશે અને ૧૯:૧૦ કલાકે અસારવા પહોંચશે. ટ્રેન નંબર ૦૯૫૪૩/૦૯૫૪૪ નો પરિચાલન સમય અને સ્ટોપેજ અસારવા-હિંમતનગર વચ્ચે યથાવત રહેશે.

હિંમતનગરથી ચિત્તોડગઢ વચ્ચે આ ટ્રેન વનતાડા, રાયગઢ રોડ, સુનક, શામળાજી રોડ, લુસાડિયા, જગાબોર, બિછીવાડા, શ્રી ભવનાથ, શાલાશાહ થાણા, ડુંગરપુર, કોતાના, રીખભદેવ રોડ, કુંડલગઢ, સેમારી, સુરખંડ કા ખેડા, જયસમંદ રોડ, પાડલા, જાવર, ખારવા ચાંદા, ઉમરા, ઉદયપુર સિટી, રાણાપ્રતાપ નગર, માવલી જં, ફતેહનગર, ભૂપાલ સાગર, કપાસણ, પાંડોલી, નેતાવલ અને ઘોસુંડા સ્ટેશનો પર થોભશે.

ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ અવલોકન કરી શકે છે

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. આજે તમને કોઈ અજાણ્યા સ્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે. તેમની સાથે સંપૂર્ણ સહકારપૂર્વક કામ કરી જીવનના ચડાવ-ઉતાર તેમની સાથે શૅર કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા માનસિક શાંતિને ખલેલ પહોંચાડી શકે છે. તેને ટાળો કેમ કે બેચેની ભય તથા ચિંતાનો દરેક કણ તમારા મગજ પર વિપરિત અસર કરી શકે છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે. ખાલી સમય માં આજે તમે પોતાના મોબાઈલ ઉપર કોઈ વેબ સિરીઝ જોઈ શકો છો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા મિત્રો અથવા પરિવારના સભ્યો સાથેની મજા માટેની ટ્રીપ તમને નિરાંતવા બનાવશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. તમારી તરફ મદદ માટે મીટ માંડનારાઓને તમે વચન આપશો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ક્ષણિક આવેગમાં આવી જઈ આર્થિક બાબતોનો નિર્ણય લેશો નહીં, આવું કરવાથી તમારા બાળકોના હિતોનું નુકસાન થઈ શકે છે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. આજે તમારા જીવનસાથી તમને તેમની બહુ સારી ન કહેવાય એવી બાજુ દેખાડશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે.

## પ્રેમિકાને કહ્યું હતું કે, હું IAS બનીને બતાવીશ

। નવી દિલ્હી, તા.૧ ।

આદિત્ય પાંડે બિહારના પટનાના રહેવાસી છે. બે વાર નિષ્ફળતા હાથ લાગ્યા બાદ તેમણે આ વર્ષે જાહેર થયેલી યુપીએસસી એક્ઝામમાં આખરે સફળતા મેળવી હતી. દેશની સૌથી હાર્ડ એક્ઝામમાં તેમનો ૪૮મો રેંક આવ્યો છે. તેમનું બેકગ્રાઉન્ડ એન્જિનિયરિંગનું છે. એ પછી તેઓએ એમબીએ પણ કર્યું હતું. તેમના પરિવારની આર્થિક સ્થિતિ નબળી હતી. એક યુવતી સાથે આદિત્ય પ્રેમમાં હતા. પરંતુ તે તેમને છોડીને જતી રહી હતી. એ વખતે આદિત્યને ખૂબ જ દુઃખ થયું હતું અને પોતાની પ્રેમિકાને ચેલેન્જ આપી હતી કે હવે તે આઈએએસ બનીને જ રહેશે. મહત્વની વાત તો એ છે કે, આદિત્યએ પોતાની ચેલેન્જ પૂરી કરી પણ બતાવી. આદિત્ય પરિવારમાં તેમની ત્રણ બહેનો અને એક ભાઈમાં સૌથી નાના છે. સૌથી નાના હોવાથી તેમને પરિવારનો પણ અઢળક પ્રેમ મળ્યો હતો. પટનામાં શરુઆતનો અભ્યાસ કર્યા બાદ તેઓ ત્યાં જ ચાલ્યા ગયા હતા. જો કે, સ્કૂલના અભ્યાસ દરમિયાન આદિત્યનું પ્રદર્શન ખૂબ જ નબળું હતું. પરંતુ ધોરણ ૮માં આવ્યા બાદ તેમણે ક્લાસમાં ટોપ કર્યું હતું. આવું ધોરણ નવમાં પણ બન્યું. એ પછી જ્યારે તેઓ ધોરણ ૧૦માં અભ્યાસ કરતા હતા એ સમયે તેમના જીવનમાં એક છોકરીનું આગમન થયું હતું. તેઓ આ છોકરીને ખૂબ જ પ્રેમ કરતા હતા. આ દરમિયાન તેમના બનેવીની ટ્રાન્સફર થઈ ગઈ. ત્યારે તેમની પટનાથી આવીને જામનગરમાં તેમની સાથે રહેવા લાગ્યા હતા. સ્કૂલમાં ગર્લફ્રેન્ડના ચક્કરમાં તેમનું રિઝલ્ટ પણ ડલ આવ્યું. એ પછી તેમના પિતાએ તેમને પટના પાછા આવી જવા માટે કહ્યું હતું. ધોરણ ૧૨ પાસ થયા બાદ પિતાની જીદ બાદ આદિત્યએ એન્જિનિયરિંગમાં દાખલો લીધો હતો. શરુઆતમાં તેમનો સ્કોર સારો રહ્યો, પણ એક દિવસ અચાનક સ્કૂલ સમયની ગર્લફ્રેન્ડ સાથે બ્રેકઅપ થઈ ગયું. આ ઘટના બન્યા બાદ તેઓ ખૂબ જ દુઃખી રહેવા લાગ્યા હતા. જો કે, તેઓએ પ્રેમિકાને ચેલેન્જ આપી હતી કે એક દિવસ તે આઈએએસ બનીને જ રહેશે. પોતાના સિનિયર્સ પાસેથી આદિત્યને યુપીએસસી વિશે થોડી માહિતી મળેલી હતી. પરંતુ આદિત્યને આ પરીક્ષા વિશેનો સંપૂર્ણ અંદાજો નહોતો કે, તે કેટલી હાર્ડ હોય છે. ૨૦૨૧ અને ૨૦૨૨માં બે વાર આદિત્યને નિષ્ફળતા મળી હતી.




ચામોલી જિલ્લા ઉત્તરાખંડના છંક નજીક બદ્રીનાથ નેશનલ હાઈવે પર ભૂસ્ખલન ખસી પડવાથી તેને સાફ કરવામાં આવી રહ્યું છે.

### માઇક્રો બ્લોગિંગ પ્લેટફોર્મે યુઝર્સ માટે સુવિધા વધારી

## ટ્વીટરમાં ડાઉનલોડ વીડિયોનો ઓપ્શન ઉમેરવામાં આવ્યો

। વોશિંગ્ટન, તા.૩૦ ।

માઈક્રો બ્લોગિંગ પ્લેટફોર્મ ટ્વિટરે વીડિયો ડાઉનલોડ કરવાની સુવિધા બહાર પાડી છે. આ ફીચર હેઠળ નવા ડાઉનલોડ વિડિયો ઓપ્શનને ઉમેરવામાં આવ્યો છે. હવે ટ્વિટર યુઝર્સ કોઈપણ થર્ડ પાર્ટી એપ અને સાઈટની મદદ વગર સીધા પ્લેટફોર્મ પર વીડિયો ડાઉનલોડ કરી શકશે. જો કે આ ફીચર હાલમાં બીટા ટેસ્ટર્સ માટે રિલીઝ કરવામાં આવ્યું છે. એપ રિસર્ચર અને ટ્વિટર યુઝરે આ ફીચર વિશે માહિતી આપતો સ્ક્રીનશોટ શેર કર્યો છે. યુઝર કહે છે કે ટ્વિટર વિડિયો ડાઉનલોડ બટન કામ કરી રહ્યું છે! અને સર્જકો પણ તેને સક્ષમ/અક્ષમ કરી શકશે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ ફીચર ટૂંક સમયમાં જ રોલ આઉટ થઈ શકે છે. હાલમાં જ ટ્વિટરે એક નવી વીડિયો એપ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. ટ્વિટરના માલિક ઈલોન મસ્કે પોતે પુષ્ટિ કરી છે કે કંપની સ્માર્ટ ટીવી માટે એક વીડિયો એપ પર કામ કરી રહી છે. એપ્લિકેશન યુઝર્સને તેમના ટીવી પર ટ્વિટર વિડિઓ જોવાની મંજૂરી આપશે.

### મહોરમના કારણે અહીં બેંકો બંધ રહેશે

## જુલાઈ મહિનામાં ૧૫ દિવસ બેંકો રહેશે બંધ

। નવી દિલ્હી, તા.૧ ।

જુલાઈમાં બેંકોમાં અડધા મહિનાની રજા રહેશે. જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકો ૧૫ દિવસ માટે બંધ રહેશે. સપ્તાહ સિવાય, બેંકો જુલાઈ મહિનામાં મોહરમ, ગુરુ હરગોબિંદ જીની જન્મજયંતિ, આશુરા અને કેર પૂજા જેવા પ્રસંગોએ બંધ રહેશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની રજાઓની યાદી અનુસાર, ૮ રાજ્યની રજાઓ છે, જે અલગ-અલગ રાજ્યોમાં અલગ-અલગ સમયે આવવાની છે. જમ્મુ અને શ્રીનગરમાં ૫મી જુલાઈએ ગુરુ હરગોબિંદ જીના જન્મદિવસના અવસરે અને આઈઝોલમાં ૬ઠ્ઠી જુલાઈએ MHIP ડે પર બેંકો બંધ રહેશે.

૧૧ જુલાઈએ કેર પૂજાના અવસર પર સમગ્ર ત્રિપુરામાં બેંક રજા રહેશે. ૨૯મી જુલાઈએ મોહરમનો તહેવાર છે, આ દિવસે ઘણા રાજ્યોમાં બેંક રજા રહેશે. ત્રિપુરા, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, મિઝોરમ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, નવી દિલ્હી, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, તમિલનાડુ અને આંધ્રપ્રદેશમાં મહોરમના કારણે બેંકો બંધ રહેશે. જુલાઈમાં બેંકની રજાઓ દરેક રાજ્યમાં અલગ અલગ હોઈ શકે છે કારણ કે રજાઓ સ્થાનિક તહેવારોને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે. જો તમારી પાસે બેંકની શાખામાં કોઈ કામ હોય તો તેને જલદીથી પતાવી દો, પરંતુ જો એટીએમ, રોકડ જમા, ઓનલાઈન બેંકિંગ અને મોબાઈલ બેંકિંગ જેવા કામ હોય તો તમે તેને ઘરે બેઠા ડિજીટલ પણ કરી શકો છો. જો કે, લોકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ ૨,૦૦૦ રૂપિયાની નોટો બદલતા અથવા જમા કરાવતા પહેલા રજાઓની યાદી તપાસી લે. ૨૦૦૦ રૂપિયાની નોટો બદલવાની છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર છે.

### રજા ક્યારે હશે

જુલાઈમાં બેંકોમાં અડધા મહિનાની રજા રહેશે. જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકો ૧૫ દિવસ માટે બંધ રહેશે. સપ્તાહ સિવાય, બેંકો જુલાઈ મહિનામાં મોહરમ, ગુરુ હરગોબિંદ જીની જન્મજયંતિ, આશુરા અને કેર પૂજા જેવા પ્રસંગોએ બંધ રહેશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની રજાઓની યાદી અનુસાર, ૮ રાજ્યની રજાઓ છે, જે અલગ-અલગ રાજ્યોમાં અલગ-અલગ સમયે આવવાની છે. રજા ક્યારે હશે તે નીચે મુજબછે.

- રવિવાર ૨જી જુલાઈ
- ગુરુ હરગોવિંદની જન્મજયંતિ ૫મી જુલાઈએ છે
- MHIP દિવસ નિમિત્તે ૬ જુલાઈએ મિઝોરમમાં રજા
- બીજો શનિવાર ૮મી જુલાઈ
- ૯મી જુલાઈ રવિવારના રોજ રજા
- ૧૧ જુલાઈએ કેર પૂજાના કારણે ત્રિપુરામાં રજા
- ૧૩મી જુલાઈએ ભાનુ જયંતિના કારણે સિક્કિમમાં રજા
- ૧૬મી જુલાઈ રવિવાર
- યુ તિરોટ સિંગ ડે પર ૧૭ જુલાઈએ મેઘાલયમાં રજા
- ૨૧ જુલાઈના રોજ સિક્કિમમાં ડૂકપા ત્શે-ઝી દિવસની રજા
- ચોથો શનિવાર ૨૨ જુલાઈ
- રવિવાર ૨૩ જુલાઈ
- જમ્મુ અને શ્રીનગરમાં ૨૮ જુલાઈએ આશુરાના કારણે રજા
- ૨૯મી જુલાઈએ મહોરમના કારણે ઘણા રાજ્યોમાં રજા છે
- ૩૦મી જુલાઈ રવિવારના કારણે રજા
- પંજાબ અને હરિયાણામાં ૩૧ જુલાઈએ શહીદ દિવસની રજા

### એલપીજીના નવા દરો થયા જાહેર

## સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી

### ચેન્નાઈમાં એક એલપીજી એલપીજી સિલિન્ડર ૧૧૧૮.૫૦ રૂપિયામાં વેચાઈ રહ્યો છે, જ્યારે કોમર્શિયલ રૂ.૧૯૩૭માં વેચાઈ રહી છે

। નવી દિલ્હી, તા.૧ ।



૧ જુલાઈ એટલે કે આજે એલપીજી સિલિન્ડરના નવા દર જારી કરવામાં આવ્યા છે. ઈન્ડિયન ઓઈલની વેબસાઈટ અનુસાર, ૧૪.૨ કિલોના એલપીજી સિલિન્ડર અને ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. દેશની રાજધાની નવી દિલ્હીમાં રસોડામાં ઉપયોગ માટેના એલપીજી સિલિન્ડરની કિંમત ૧૧૦૩ રૂપિયા અને કોમર્શિયલ ઉપયોગના સિલિન્ડરની કિંમત ૧૭૭૩ રૂપિયા પર યથાવત છે. આ સિવાય દેશની આર્થિક રાજધાની કહેવાતા મુંબઈમાં એલપીજી સિલિન્ડરની કિંમત ૧૧૦૨.૫૦ રૂપિયા અને કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ૧૭૨૫ રૂપિયા પર યથાવત છે. કોલકાતામાં એલપીજી સિલિન્ડરની કિંમત ૧૧૨૯ રૂપિયા પર સ્થિર છે. જ્યારે કોમર્શિયલ ઉપયોગના સિલિન્ડરની કિંમત ૧૮૭૫.૫૦ રૂપિયા છે. ઈન્ડિયન ઓઈલની વેબસાઈટ અનુસાર, ચેન્નાઈમાં એક એલપીજી એલપીજી સિલિન્ડર ૧૧૧૮.૫૦ રૂપિયામાં વેચાઈ રહ્યો છે. જ્યારે કોમર્શિયલ રૂ.૧૯૩૭માં વેચાઈ રહી છે. સરકારે કેટલાક મહિનાઓ દરમિયાન કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ફેરફાર કર્યો છે. ગયા મહિને જૂન દરમિયાન કોમર્શિયલ ઉપયોગના સિલિન્ડરની કિંમતમાં ૮૩ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો મે મહિનામાં પણ કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ઘટાડો થયો હતો અને એક સિલિન્ડરની કિંમત ૧૮૫૬.૫૦ રૂપિયા પર પહોંચી ગઈ હતી. અને એપ્રિલ દરમિયાન કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ૨૦૨૮ રૂપિયા હતી. માર્ચમાં તેની કિંમત સૌથી વધુ ૨૧૧૯.૫૦ રૂપિયા હતી. જાન્યુઆરી અને ફેબ્રુઆરી દરમિયાન કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ૧૭૬૯ રૂપિયા હતી. છેલ્લા કેટલાક મહિનાઓથી એલપીજીના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. માર્ચમાં એલપીજી સિલિન્ડરમાં ૫૦ રૂપિયાનો વધારો થયો હતો. તે જ સમયે, તે પહેલા, ગયા વર્ષે ૬ જુલાઈએ, એલપીજી સિલિન્ડરની કિંમતમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. દેશની રાજધાની નવી દિલ્હીમાં માર્ચ સુધી એલપીજી સિલિન્ડરની કિંમત ૧૦૫૩ રૂપિયા હતી, જેમાં ૫૦ રૂપિયાનો વધારો થયો હતો અને હવે તે ૧૧૦૩ રૂપિયા પ્રતિ સિલિન્ડર વેચાઈ રહ્યો છે. જો તમે એલપીજી સિલિન્ડરની કિંમત તપાસવા માંગો છો, તો તમે ઈન્ડિયન ઓઈલની સત્તાવાર વેબસાઈટ https://iocl.com/prices-of-paroleum-products પર જઈને ચેક કરી શકો છો. અહીં તમને LPG સિવાય અન્ય વસ્તુઓના અપડેટ્સ પણ મળશે.

# વિશેષ લેખ

### ISRO ૧૩ જુલાઈએ ચંદ્રયાન-૩ લોન્ચ કરશે!

# જો ચંદ્ર પર ઉતરાણ સફળ થાય છે, તો ભારત આવું કરનાર ચોથો દેશ બનશે

### ચંદ્રમાની સપાટી, ચંદ્રામાના ભૂકંપ અને સપાટી પ્લાઝ્મા અને સંરચનાની થર્મલ ફિઝિકલ પ્રોપર્ટીઝની જાણકારી મળશે



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ





ભારતમાં ચંદ્રયાન-૩ મિશન ચંદ્રમા પર ઉતારવા માટે તૈયાર છે. ISRO ચંદ્રયાન-૩ ને ૧૩મી જુલાઈએ લોન્ચ કરશે. આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સેન્ટરથી બપોરે ૨.૩૦ વાગ્યે ચંદ્રયાન-૩નું લોન્ચ થશે. જો ચંદ્રયાન-૩નું લોન્ચિંગ સફળ રહ્યું તો ભારત ચંદ્ર પર પહોંચનારો ચોથો દેશ બની જશે. આ અગાઉ અમેરીકા, રશિયા અને ચીન પોતાના સ્પેસક્રાફ્ટ ચંદ્રમાં પર ઉતારી ચુક્યું છે. રશિયાએ તેનું મૂન લેન્ડર મિશન મુલતવી રાખ્યું છે. ગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વધારાની તપાસ પૂર્ણ ન થવાને કારણે આવું કરવામાં આવ્યું છે. અગાઉ ૨૦૨૨માં પણ ટેક્નિકલ સમસ્યાઓના કારણે રશિયન મિશન મોકૂફ રાખવામાં આવ્યું હતું. આવીસ્થિતિમાં ભારતના ચંદ્રયાન-૩ને રશિયા પહેલા ચંદ્ર પર ઉતરવાની તક છે. ભારત ચંદ્રયાન-૩ લોન્ચ કરીને ઈતિહાસ રચવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસસેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. સ્પેસ શિપને ચંદ્ર પર લઈ જવા માટે ઈસરોએ ત્રણ ભાગ તૈયાર કર્યા છે, જેને ટેકિનકલભાષામાં મોડ્યુલ કહેવામાં આવે છે. ચંદ્રયાન-૩ મિશનના મોડ્યુલમાં ૩ ભાગોછે.

ઈસરોના ચીફ એસ સોમનાથે કહ્યું કે અમે ચંદ્રયાન-૨ મિશનમાં નિષ્ફળ ગયા છીએ. એવું જરૂરી નથી કે આપણે દરેક વખતે સફળ થઈએ, પરંતુ મહત્વની વાત એ છે કે આપણે તેમાંથી શીખીને આગળ વધવું જોઈએ. નિષ્ફળતા મળવાનો અર્થ એ નથી કે આપણે પ્રયાસ કરવાનું છોડી દઈએ. ચંદ્રયાન-૩ મિશનમાંથી આપણને ઘણું શીખવા મળશે અને આપણે ઈતિહાસ રચીશું. ISRO ચંદ્રયાન મિશન હેઠળ ચંદ્રનો અભ્યાસ કરવા માંગે છે. ભારતે ૨૦૦૮માં પ્રથમ વખત ચંદ્રયાન-૧ સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું. આ પછી ભારત ૨૦૧૯માં ચંદ્રયાન-૨ના પ્રક્ષેપણમાં નિષ્ફળ રહ્યું હતું.

ISRO ચંદ્રયાન મિશન હેઠળ ચંદ્રનો અભ્યાસ કરવા માગે છે. ભારતે ૨૦૦૮માં પ્રથમ વખત ચંદ્રયાન-૧ સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું. આ પછી ભારત ૨૦૧૯માં ચંદ્રયાન-૨ના પ્રક્ષેપણમાં નિષ્ફળ રહ્યું હતું. હવે ભારત ચંદ્રયાન-૩ લોન્ચ કરીને ઈતિહાસ રચવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે.

આ ત્રણ સિવાય ચંદ્રયાન-૨માં વધુ એક ભાગ હતો, જેને ઓર્બિટર કહેવામાં આવે છે. આ વખતે તેને મોકલવામાં આવ્યો નથી. ચંદ્રયાન-૨નું ઓર્બિટર ચંદ્રની પરિક્રમા કરી રહ્યું છે. હવે ISRO તેનો ઉપયોગ ચંદ્રયાન-૩માં કરશે. ચંદ્રયાન-૨ મિશન ભારત અને વિશ્વને ચંદ્રની સપાટી પર વિસ્તૃત સ્થળ જેવા અભ્યાસો, વિસ્તૃત ખનિજશાસ્ત્રીય વિશ્લેષણ અને અન્ય કેટલાક પ્રયોગો હાથ ધરીને ચંદ્રની ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિની વધુ સારી સમજ મેળવવામાં મદદ કરવા માટે હતું. ત્યાં રહેતા ચંદ્રયાન-૧ દ્વારા કરવામાં આવેલી શોધોની પણ માહિતી મેળવવાની હતી. આ મિશનનો હેતુ માત્ર અંતરિક્ષમાં ભારતના પદચિહ્નને વિસ્તૃત કરવાનો જ નહીં, પરંતુ કોઈને પ્રેરણા આપવાનો પણ છે. ભારતના બીજા ચંદ્ર મિશન 'ચંદ્રયાન-૨'માં ચંદ્ર પર પાણીના અણુઓની હાજરીની જાણકારી મળી હતી. મિશન દરમિયાન મળેલા ડેટા પરથી આ વાત સામે આવી છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના ભૂતપૂર્વ ચેરમેન એ એસ કિરણ કુમારના સહયોગથી લખાયેલા એક રિસર્ચ પેપરમાં જણાવવામાં આવ્યું છે કે, ચંદ્રયાન-૨માં જે ઉપકરણો હતા તેમાં ઈમેજિંગ ઈન્ફ્રારેડ સ્પેક્ટ્રોમીટર (આઈઆઈઆરએસ) નામનું ઈન્સ્ટ્રૂમેન્ટ હતું, જે વૈશ્વિક વૈજ્ઞાનિક ડેટા મેળવવા માટે ૧૦૦ કિલોમીટરની ધ્રુવીય ભ્રમણકક્ષામાં કામ કરી રહ્યું હતું. કરન્ટ સાયન્સ જર્નલમાં પ્રકાશિત થયેલા પેપરમાં કહેવામાં આવ્યું છે કે આઈઆઈઆરએસનથી મળેલા પ્રારંભિક ડેટા સ્પષ્ટપણે ચંદ્ર પર ૨૯ ડિગ્રી ઉત્તર અને ૬૨ ડિગ્રી ઉત્તર અક્ષાંશ વચ્ચે વિસ્તૃત હાઈડ્રેશન અને અનમિક્સ્ડ હાઈડ્રોક્સાઈલ (ઓએચ) અને પાણી (એચ ૨ ઓ) અણુઓની હાજરી દર્શાવે છે. તેમાં જણાવવામાં આવ્યું હતું કે વિપુલ પ્રમાણમાં ખડકોમાં ચંદ્રના ઘાટા મેદાનોની તુલનામાં વધુ OH (હાઈડ્રોક્સાઈલ) અથવા સંભવતઃ H2O (પાણી) અણુઓ હતા.

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર થશે લેન્ડ ચંદ્રયાન-૩ને ચંદ્રમાના દક્ષિણ ધ્રુવ પર લેન્ડ કરવામાં આવશે. આ મિશનને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે તેમાં અનેક વધારાના સેન્સર જોડવામાં આવ્યા છે. તેની ઝડપને માપવા માટે તેમાં એક 'લેઝર ડોપર વેલોસીમીટર' સિસ્ટમ લગાવવામાં આવી છે. દરેક ટેસ્ટિંગમાં PASS ચંદ્રયાન-૩ મિશનના લોન્ચિંગ વ્હિકલના ક્રાયોજેનિક ઉપરી ફેઝ ને રફતાર આપનારા ઝઈ૨૦ ક્રાયોજેનિક એન્જિન ઉડાન ટેમ્પરેચર ટેસ્ટિંગમાં સફળ રહ્યું હતું. તે પહેલા લેન્ડરનું એક ટેસ્ટિંગ પણ સફળતાપૂર્વક પૂર્ણ થયું. ચંદ્રની સપાટીની મળશે જાણકારી ચંદ્રયાન મિશન સાથે અનેક પ્રકારના વૈજ્ઞાનિક ઉપકરણો મોકલવામાં આવશે. જેનાથી લેન્ડિંગ સાઈટની આસપાસની જગ્યામાં ચંદ્રમાની સપાટી, ચંદ્રામાના ભૂકંપ અને સપાટી પ્લાઝ્મા અને સંરચનાની થર્મલ ફિઝિકલ પ્રોપર્ટીઝની જાણકારી મેળવવામાં મદદ થશે.

### ન્યૂઝ બ્રિફ

## સિંગતેલના ડબાનો ભાવ રૂ.૨૮૦૦ની ઉપર જતા મધ્યમવર્ગની કમર તૂટી

। અમદાવાદ, તા.૧ ।

ગુજરાત સહિત દેશભરમાં ચોમાસું દસ્તક દઈ રહ્યું છે. ખાસ કરીને વરસાદ પડે અને તરત જ સ્વાદપ્રિય ગુજરાતી ચોમાસામાં તૈયાર મળતાં દાળવડાં, ભજિયાં, કચોરી, સમોસાં, ગાંઠિયાની લિજ્જત માણવા નીકળી પડે છે. ક્યાંક આ ગરમાગરમ નાસ્તા ઘરે ઘરે પણ બનતા હોય છે. આ દરેક વસ્તુ બનાવવા માટે તેલનો વપરાશ વધી જતો હોય છે. પરિણામે ખરીદીનું પ્રમાણ વધતું રહે છે. હવે ખરીદી નીકળે તે પૂર્વે જ ચોમાસામાં ખાદ્યતેલના ભાવ ફરી એક વખત લોકોને દઝાડી રહ્યા છે.

ગઈ કાલે સિંગેતલ ડબાના ભાવે રૂ.૨૮૦૦ની સપાટી કુદાવી હતી અને ભાવ રૂ.૨૮૨૦નો થયો હતો, જેના કારણે મધ્યમવર્ગની કમર રીતસર તૂટી ગઈ છે. સિંગતેલની સાથે સાથે અન્ય સાઈડ તેલમાં પણ ભાવવધારો જોવા મળ્યો હતો. ખાદ્યતેલમાં ૧૦ દિવસ પહેલાં તેજી-મંદી બંને જોવા મળી રહી હતી, પરંતુ છેલ્લા ૨-૩ દિવસથી ભાવ વધવાનું પાછું શરૂ થયું છે. છેલ્લા ત્રણ દિવસ દરમિયાન સિંગતેલ, કપાસિયા અને પામોલીનમાં રૂ.૨૦નો ભાવવધારો થયો છે.

જોકે વરસાદી સિઝનમાં જણસીની આવક પણ પ્રભાવિત થશે. આ વખતે જીરુંનો ભાવ રેકોર્ડબ્રેક સપાટીએ પહોંચ્યો છે. સોમવારે ભાવવધારો આવતાં ભાવની સપાટી રૂ.૧૨,૦૦૦ એ પહોંચી છે. જ્યારે મગફળીનો ભાવ રૂ.૧૬૨૭રહ્યો હતો. ધીમે ધીમે નવી મગફળીની આવક વધશે તેમ વેપારીઓ જણાવી રહ્યા છે.

ગઈ કાલે સિંગતેલના ડબાદીઠ ભાવ રૂ.૧૭૭૫ થી રૂ.૨૮૨૫ રહ્યા છે, કપાસિયા તેલના ભાવ રૂ.૧૬૪૫થી રૂ.૧૬૯૫ છે. પામોલીન તેલના ભાવ રૂ. ૧૪૨૦થી રૂ.૧૪૨૫ છે અને સરસવ તેલના ભાવ રૂ. ૧૫૮૦થી રૂ.૧૬૦૦ છે, જયારે કોર્ન ઓઈલના ભાવ રૂ.૧૫૦૦થી રૂ.૧૫૩૦છે. વનસ્પતિ ઘીના ભાવ રૂ. ૧૫૫૦થી રૂ.૧૬૦૦ છે. કોપરેલના ભાવ રૂ. ૨૩૪૦થી રૂ.૨૩૮૦ અને દિવેલના ભાવ રૂ.૨૦૪૦થી રૂ. ૨૦૫૦ રહ્યા છે.

### અમદાવાદીઓ માટે માઠા સમાચાર

# AMTS અને BRTSમાં આજથી ભાડાવધારો અમલ

### AMTS અને BRTSમાં પેસેન્જર્સને રૂ.૫નું લઘુતમ ભાડું આજથી ચૂકવવું પડશે, જે આ અગાઉ ૩ રૂપિયા હત, AMTS અને BRTSમાં મહત્તમ ભાડું રૂ.૩૦ થયું

। અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ શહેરમાં જાહેર પરિવહન સેવા ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ એવી AMTS અને BRTSમાં આજથી ભાડાવધારો અમલમાં આવી ગયો છે. AMTS અને BRTSમાં છેલ્લાં ૧૦ વર્ષથી ભાડાવધારો કરાયો ન હતો. તંત્ર દ્વારા કરાયેલા ભાડાવધારા મુજબ AMTS અને BRTSમાં પેસેન્જર્સને રૂ.૫નું લઘુતમ ભાડું આજથી ચૂકવવું પડશે, જે આ અગાઉ ૩ રૂપિયા હતું. AMTS અન BRTSમાં મહત્તમ ભાડું રૂ.૩૦ થયું છે. AMTSમાં બે કિલોમીટર સુધીના પહેલા સ્ટેજની જગ્યાએ હવે ત્રણ કિલોમીટર કરાયા છે, જેમાં ફોર્મ્યુલા આધારિત સ્ટેજનું ભાડું રૂ.૧૦ હતું, જેના હવે રૂ.૫ કરાયા છે. બીજા સ્ટેજનું ભાડું ત્રણથી પાંચ કિલોમીટરનું રૂ. ૧૨ના બદલે રૂ.૧૦ કરાયું છે. ત્રીજા સ્ટેજનું ભાડું પાંચથી આઠ કિલોમીટર વચ્ચે રૂ.૧૫ કરાયા છે, જ્યારે હવે ૮થી ૧૪ કિલોમીટરના ભાડા માટે રૂ.૨૦ લેવાશે. ૧૪થી ૨૦ કિલોમીટરના પાંચમા સ્ટેજનું ભાડું રૂ.૨૫ કરાયું છે. AMTS અને BRTSમાં હવે ફક્ત છ સ્ટેજનાં ભાડાં અમલમાં મુકાયાં છે, જેમાં ૨૦ કિલોમીટરથી વધુના અંતર માટે રૂ.૩૦ ચૂકવવા પડશે. પેસેન્જર્સે હવે રૂ.૫, ૧૦, ૧૫, ૨૦ અને ૩૦ના દરની ટિકિટ લેવી પડશે એટલે છૂટા પૈસાનો કકળાટ નહીં થાય તેવો તંત્રનો દાવો છે. AMTSમાં અમલમાં મુકાયેલી મનપસંદ ડેઈલી સ્કીમમાં બાળકો અને મહિલાઓના બસ ભાડામાં કોઈ પણ પ્રકારનો



ફેરફાર કરાયો નથી. ફક્ત પુરુષ મનપસંદ સ્કીમમાં રૂ. ૩૫ પ્રતિદિવસની જગ્યાએ રૂ. ૪૫ કરવામાં આવ્યા છે. લગેજ દરમાં કોઈ પણ પ્રકારનો ભાડાવધારો કરવામાં આવ્યો નથી. એએમટીએસમાં વિદ્યાર્થી કન્સેશન પાસના પ્રતિ મહિનાના રૂ.૩૦૦ના બદલે રૂ.૪૦૦ કરવામાં આવ્યા છે, જ્યારે વિદ્યાર્થિની કન્સેશન પાસમાં પ્રતિ મહિનાના રૂ.૩૦૦ના બદલે રૂ.૩૫૦ ચૂકવવા પડશે. AMTS અને BRTSમાં મનપસંદ માસિક પાસમાં રૂ.૨૫૦નો ભાવવધારો કરવામાં આવ્યો છે, જેના હવેથી રૂ.૭૫૦ના બદલે રૂ.૧૦૦૦ આપવાના રહેશે. મનપસંદ ત્રિમાસિક પાસમાં રૂ.૫૦૦નો વધારો કરાતાં તેના રૂ.૨૦૦૦ના બદલે રૂ.૨૫૦૦ ચૂકવવા પડશે. માસિક અને ત્રિમાસિક સર્વિસ પાસમાં સીધી રીતે કોઈ પણ જાતનો ફેરફાર કરાયો નથી. BRTSમાં બે કિલોમીટર સુધી રૂ.૪, બેથી ત્રણ કિલોમીટર માટે રૂ.૭ એવી રીતે કુલ ૧૯ સ્ટેજમાં મહત્તમ ભાડું રૂ.૩૨ લેવાતું હતું. જેના હવે આજથી રૂ.૫,૧૦, ૧૫, ૨૦, ૨૫ અને ૩૦ એમ છ સ્ટેજ થયાં છે. બીઆરટીએસમાં માસિક પાસના રૂ. ૧૦૦૦ અને ત્રિમાસિક પાસના રૂ. ૨૫૦૦ થયા છે. અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસમાં આજથી અમલમાં આવેલું પ્રથમ સ્ટેજનું મિનિમમ રૂપિયા પાંચનું ભાડું દેશનાં અન્ય શહેરો જેવાં કે મુંબઈ, દિલ્હી, બેંગલુરુ કે કોલકાતાની સરખામણીમાં ઓછું છે. મુંબઈમાં બે કિલોમીટરના ભાડા માટે રૂ. ૮ ચૂકવવા પડે છે, જ્યારે અન્ય શહેરોમાં બે કિલોમીટરનું ભાડું રૂ.૫ લેવાય છે. એએમટીએસ અને બીઆરટીએસનાં એકસરખાં ભાડાં હોવાથી પેસેન્જર્સ એક જ ટિકિટમાં બંને બસસેવાનો લાભ લઈ શકે તે પ્રકારનું આયોજન થવાથી પેસેન્જર્સ માટે બસના વધુ વિકલ્પ રહેશે.

### તિસ્તા સેતલવાડની મુશ્કેલીમાં થયો વધારો

## ગુજરાત હાઈકોર્ટે તિસ્તા સેતલવાડને તાત્કાલિક સરેન્ડર કરવા જણાવ્યું

### ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ નિર્જર દેસાઈની બેન્ચે તિસ્તા સેતલવાડની જામીન અરજી ફગાવી દીધી હતી

। અમદાવાદ, તા.૧ ।

ગુજરાત હાઈકોર્ટમાં સામાજિક કાર્યકર્તા તિસ્તા સેતલવાડ દ્વારા રેગ્યુલર જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જેને કોર્ટે આજે ફગાવી દીધી હતી અને અવલોકન કર્યું હતું કે આ કેસની ગંભીરતાને જોતાં જામીન આપી શકાય તેમ નથી. કેસની તપાસ અને ચાર્જફ્રેમમાં તિસ્તા સેતલવાડે સહકાર આપવો જોઈએ. તેઓની જામીન અરજી ફગાવી દઈને તેમને તાત્કાલિક સરેન્ડર થવાનો કોર્ટે આદેશ આપ્યો છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને બદનામ કરવાના કેસમાં સામાજિક કાર્યકર તિસ્તા સેતલવાડના જામીન હાઈકોર્ટે ફગાવી દીધા હતા. ગુજરાત હાઈકોર્ટે મુંબઈમાં રહેતા સામાજિક કાર્યકરને તાત્કાલિક સરેન્ડર કરવા કહ્યું છે. અહીં નોંધનીય છે કે ગુજરાત પોલીસે FIR નોંધ્યા બાદ ૨૫ જૂન, ૨૦૨૨ના રોજ તિસ્તા સેતલવાડની ધરપકડ કરી હતી. અહીં નોંધનીય છે કે ગુજરાતમાં વર્ષ ૨૦૦૨ના રમખાણો સંબંધિત નિર્દોષ લોકોને ફસાવવા માટે ખોટા દસ્તાવેજો બનાવવાના આરોપ હેઠળ સામાજિક કાર્યકર્તા તિસ્તા સેતલવાડ અને પૂર્વ ડીજીપી આરબી શ્રીકુમારની ધરપકડ કરાઈ હતી.તિસ્તા સેતલવાડની ગુજરાત પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ ઘણાં મહિનાઓ સુધી જેલમાં રહેવું પડ્યું હતું. આ પછી સુપ્રીમ કોર્ટે તિસ્તા સેતલવાડને વચગાળાના જામીન આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે સપ્ટેમ્બર ૨૦૨૨માં તિસ્તા સેતલવાડને જામીન આપ્યા હતા. નિર્જર દેસાઈએ ગુજરાત હાઈકોર્ટમાં તિસ્તાની જામીન અરજી પર સુનાવણી કરી અને તિસ્તાની માગણી ફગાવી દીધી.

### ૧૬ વર્ષ પહેલાની ઘટનાએ બદલ્યું જીવન

## દર રવિવારે ગુજરાતના ગામડાઓમાં હેલ્થ ચેકઅપ કેમ્પ યોજે છે તબીબો

### ડોક્ટર પંકજ શાહે કહ્યું, એ દિવસથી અમે દર રવિવારે રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં હેલ્થ કેમ્પનું આયોજન કરી રહ્યા છીએ

। અમદાવાદ, તા.૧ ।

આપણા સમાજમાં ડૉક્ટરોને ઈશ્વરનો દરજ્જો આપવામાં આવ્યો છે. કેટલીયવાર દર્દીને મોતના મુખમાંથી ખેંચી લાવતા ડૉક્ટરોની છાપ આજકાલ એવી પડી ગઈ છે કે, તેઓ કમાણી કરવા બેઠા છે એટલે દર્દીઓને લૂંટે છે. ક્યાંક કોઈક ખૂણે આ માન્યતા સાચી પણ હશે. જોકે, આજે નેશનલ ડૉક્ટર્સ ડેના દિવસે એવા કેટલાક તબીબો વિશે જણાવીશું જે માનવતાના ધોરણે રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં જઈને દર્દીની સેવા કરે છે. દર રવિવારે તેઓ હેલ્થ કેમ્પ યોજીને દર્દીઓને તપાસે છે. ૧૬ વર્ષ પહેલા ખેડામાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી એ વખતે રાહત કામગીરીમાં જોડાયેલા સ્વયંસેવકોએ વાસણાના ફેમિલી ફિઝિશિયન ડૉ. પંકજ શાહને વિનંતી કરીએ કે તેઓ અસરગ્રસ્ત ગ્રામજનો માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરે. ડૉ. પંકજ શાહે એ વખતે અનિચ્છાએ હા પાડી દીધી પરંતુ એમને ક્યાં ખબર હતી કે અહીં તેઓ જે અનુભવ કરશે તે જીવન બદલી નાખશે, પ્રચૂર પરોપકારિતાની ભાવના જગાડી દેશે. એ દિવસથી શરૂ થયેલો ક્રમ આજે પણ અવિતર ચાલે છે. ડૉક્ટર પંકજ શાહે કહ્યું, "એ દિવસથી અમે દર રવિવારે રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં હેલ્થ કેમ્પનું આયોજન કરી રહ્યા છીએ. અત્યાર સુધીમાં અમે દર વર્ષે ૨૦૦થી વધુ ગામડા અને એક લાખની વસ્તીને આવરી લીધી છે. આ પહેલે વિશ્વાસનું રૂપ ધારણ કર્યું અને આજે આ ઉમદા કાર્યમાં અમારી સાથે ૧૮ ડૉક્ટરો જોડાયેલા છે. આજકાલ મેડિકલનો અભ્યાસ પૂરો કર્યા પછી નવા તબીબો કોઈ મોટી હોસ્પિટલોમાં નોકરી કરવાનું પસંદ કરે છે.

## અસારવા-ડુંગરપુર ડેમુ સ્પેશિયલ ટ્રેનને ચિત્તોડગઢ સુધી લંબાવાઈ

। અમદાવાદ, તા.૧ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર ૦૯૫૪૩/૦૯૫૪૪ (૭૯૪૦૩/૭૯૪૦૪) અસારવા-ડુંગરપુર -અસારવા ડેમુ સ્પેશિયલ ટ્રેનને ૦૪ જુલાઈ ૨૦૨૩ થી ચિત્તોડગઢ સુધી લંબાવવામાં આવી રહી છેઃ અમદાવાદના મંડળ રેલ પ્રવક્તાના જણાવ્યા અનુસાર લંબાવવામાં આવેલ આ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ

ટ્રેન નંબર ૦૯૫૪૩ અસારવા - ચિત્તોડગઢ ડેમુ સ્પેશિયલ અસારવાથી ૦૪ જુલાઈ ૨૦૨૩ થી દરરોજ ૧૦:૦૫ કલાકે ઉપડશે અને ૨૦:૦૫ કલાકે ચિત્તોડગઢ પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૫૪૪ ચિત્તોડગઢ - અસારવા ડેમુ સ્પેશિયલ ૦૪ જુલાઈ, ૨૦૨૩ થી દરરોજ ચિત્તોડગઢથી ૦૯:૧૫ કલાકે ઉપડશે અને ૧૯:૧૦ કલાકે અસારવા પહોંચશે.

ટ્રેન નંબર ૦૯૫૪૩/૦૯૫૪૪ નો પરિચાલન સમય અને સ્ટોપેજ અસારવા-હિંમતનગર વચ્ચે યથાવત રહેશે.

હિંમતનગરથી ચિત્તોડગઢ વચ્ચે આ ટ્રેન વનતાડા, રાયગઢ રોડ, સુનક, શામળાજી રોડ, લુસાડિયા, જગાબોર, બિછીવાડા, શ્રી ભવનાથ, શાલાશાહ થાણા, ડુંગરપુર, કોતાના, રીખભદેવ રોડ, કુંડલગઢ, સેમારી, સુરખંડ કા ખેડા, જયસમંદ રોડ, પાડલા, જાવર, ખારવા ચાંદા, ઉમરા, ઉદયપુર સિટી, રાણાપ્રતાપ નગર, માવલી જં, ફતેહનગર, ભૂપાલ સાગર, કપાસણ, પાંડોલી, નેતાવલ અને ઘોસુંડા સ્ટેશનો પર થોભશે.

ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ અવલોકન કરી શકે છે.










## જૂનાગઢના સુત્રેજા ગામે ફસાયેલા ૨ લોકોને NDRFએ એરલિફ્ટ કર્યા

। જૂનાગઢ, તા.૧ ।

ગુજરાતમાં સતત વરસી રહેલા વરસાદના પગલે અનેક જિલ્લામાં પુરની સ્થિતિ જોવા મળી છે. જેના પગલે અનેક જિલ્લાઓના પાણીના લોકો ફસાયા છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨